**અગ્રતા ક્રમાંક: ૨૦**

**માન. ધારાસભ્યશ્રી ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)**

**પુરક પ્રશ્નો**

૧. આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા કયા કયા હેતુઓ માટે ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે? (શ્રી પી. સી. બરંડા (ભિલોડા))

૨. વનબંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ થયેલ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં થયેલ જોગવાઈ તથા ખર્ચની વિગતો શી છે? (શ્રી મોહનભાઇ કોંકણી (વ્યારા))

3. આદિજાતિ વિકાસ વિભાગની છેલ્લા બે વર્ષમાં કેટલી હયાત યોજનાના દરોમાં વધારો કરવામાં આવેલ છે? (શ્રી મનુભાઇ પટેલ (ઉધના))

| **અન્ય પુરક પ્રશ્નો** | |
|---|---|
| ૧. | ગ્રાન્ટ ફાળવણીની પદ્ધતિ શું છે? |
| ૨. | ગ્રાન્ટની રકમની જરૂરીયાત મુજબ વધ-ઘટ માટે શી કાર્યવાહી કરવામાં આવે છે? |
| 3. | ફાળવેલ ગ્રાન્ટનાં ધોરણો શું છે? |
| ૪. | કેટલી કચેરીઓમાં ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે? |
| ૫. | છેલ્લા ૫ વર્ષમાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ થયેલ જોગવાઈની વિગત. |
| ૬. | આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષમાં કઈ કઈ નવી યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે? |

વનબંધુ કલ્યાણ યોજના-૨ના આયોજન અને અમલીકરણ અંગેનો આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૭-૦૬-૨૦૨૨નો ઠરાવ.

## અગ્રતા ક્રમાંક: ૨૦

## માન. ધારાસભ્યશ્રી ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)

પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી પી. સી. બરંડા (ભિલોડા)

**પ્રશ્ન :૧ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા કયા કયા હેતુઓ માટે ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે?**

જવાબ:

**શૈક્ષણિક હેતુ માટેની યોજનાઓ :** જેવી કે, શિષ્યવૃત્તિ, ગણવેશ, વિદ્યા સાધના યોજના હેઠળ સાયકલ, ફૂડબીલ, ખાનગી સંસ્થાઓ દ્વારા સંચાલિત હોસ્ટેલ અને આશ્રમશાળાઓ માટે નિભાવ ગ્રાન્ટ, સરકારી છાત્રાલય અને આદર્શ નિવાસી શાળાઓ, સમરસ હોસ્ટેલ, તેમજ સરકારી છાત્રાલય અને આદર્શ નિવાસી શાળાઓના બાંધકામ માટે.

**આર્થિક ઉત્કર્ષ હેતુ માટેની યોજનાઓ :** જેવી કે, માનવ ગરીમા યોજના હેઠળ સ્વરોજગારી માટે સાધન સહાય, ડી-સેગ કચેરી દ્વારા અમલિત ખેતીવાડી અને સિંચાઇ તથા પશુપાલન સહાય માટે, આદિમજૂથ અને હળપતિ માટેના સર્વાંગી વિકાસની યોજનાઓ હેઠળ માળખાકીય સુવિધાઓ માટે, બોર્ડર વિલેજ યોજના હેઠળ માળખાકીય સુવિધાઓ માટે, રોજગારલક્ષી તાલીમ માટે.

**આરોગ્ય અને આવાસ હેતુ માટેની યોજનાઓ :** શાળાના બાળકોને પુરક પોષણ માટે દૂધ સંજીવની યોજના, કેન્સર, રક્તપિત્ત, એઇડ્સ જેવી જીવલેણ બિમારીઓ માટે મફત તબીબી સહાય, વ્યક્તિગત ધોરણે આવાસ માટે, કુંવરબાઇનું મામેરૂ, સાતફેરા સમૂહ લગ્ન, નાગરીક સેલ અને એટ્રોસીટી એક્ટ હેઠળ અત્યાચાર સહાય.

નિર્દેશન અને વહીવટ માટે: વિભાગ-ખાતા હેઠળ ફરજ બજાવતા અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓનાં પગાર-ભથ્થાં, કચેરીઓના નિભાવ માટે.

Back To Index

**અગ્રતા ક્રમાંક: ૨૦**

**માન. ધારાસભ્યશ્રી ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)**

પુરક પ્રશ્ન પૂછનાર **માન. ધારાસભ્યશ્રી મોહનભાઇ કોંકણી (વ્યારા)**

**પ્રશ્ન : ૨** વનબંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ થયેલ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં થયેલ જોગવાઈ તથા ખર્ચની વિગતો શી છે?

જવાબ:

| ક્રમ | નાણાકીય વર્ષ | બજેટ જોગવાઇ (રૂ.કરોડમાં) | ખર્ચ (રૂ.કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૧-૨૨ | ૧૪૪૬૩.૦૮ | ૧૨૯૫૫.૦૧ |
| ૨ | ૨૦૨૨-૨૩ | ૧૪૬૩૮.૨૯ | ૧૪૭૧૨.૭૯ |
| 3 | ૨૦૨3-૨૪ | ૧૮૭૫૪.3૬ | ૧૦3૫૧.૮૦ (જાન્યુઆરી અંતિત) |

**માન. મુખ્યમંત્રીશ્રીનો દશ મુદ્દાઓનો કાર્યક્રમ**

૧. દશ લાખ કુટુંબો માટે રોજગારલક્ષી કાર્યક્રમો શરૂ કરવા,

૨. શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ શિક્ષણ પર ભાર,

3. આદિવાસી વિસ્તારોનો આર્થિક વિકાસ વેગવંતો બને,

૪. સૌને માટે આરોગ્ય

૫. સૌના માટે ઘર

૬. પીવાનું પાણી

૭. સિંચાઈ

૮. બારમાસી રસ્તાઓ

૯. વીજળીકરણ

૧૦. શહેરી વિકાસ

Back To Index

## અગ્રતા ક્રમાંક: ૨૦

## માન. ધારાસભ્યશ્રી ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)

પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી મનુભાઇ પટેલ (ઉધના)

**પ્રશ્ન : 3 આદિજાતિ વિકાસ વિભાગની** છેલ્લા બે વર્ષમાં કેટલી હયાત યોજનાના દરોમાં વધારો કરવામાં આવેલ છે?

જવાબ:

<table>
<tr><td>ક્રમ</td><td>યોજનાનું નામ</td><td colspan="2">જુનો દર</td><td colspan="2">નવો દર</td></tr>
<tr><td>૧</td><td>દુધાળા પશુ સહાય યોજના</td><td colspan="2">૫૪,૦૦૦</td><td colspan="2">૭૦,૦૦૦</td></tr>
<tr><td>૨</td><td>નિભાવ ગ્રાન્ટ</td><td colspan="2">૧,૫૦૦</td><td colspan="2">૨,૧૬૦</td></tr>
<tr><td rowspan="7">3</td><td rowspan="7">રાજ્ય સરકાર પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ</td><td></td><td>ધોરણ</td><td>જુનો દર</td><td>નવો દર</td></tr>
<tr><td rowspan="2">કુમાર</td><td>ધો-૧ થી ધો-૮</td><td>૫૦૦</td><td>૭૫૦</td></tr>
<tr><td>ધો-૯ થી ધો-૧૦</td><td>૭૫૦</td><td>૧,૦૦૦</td></tr>
<tr><td rowspan="2">કન્યા</td><td>ધો-૧ થી ધો-૫</td><td>૫૦૦</td><td>૭૫૦</td></tr>
<tr><td>ધો-૬ થી ધો-૧૦</td><td>૭૫૦</td><td>૧,૦૦૦</td></tr>
<tr><td rowspan="2">અતિ પછાત</td><td>ધો-૧ થી ધો-૮</td><td>૭૫૦</td><td>૧,૦૦૦</td></tr>
<tr><td>ધો-૯ થી ધો-૧૦</td><td>૧,૦૦૦</td><td>૧,૫૦૦</td></tr>
<tr><td>૪</td><td>ગણવેશ સહાય</td><td colspan="2">૬૦૦</td><td colspan="2">૯૦૦</td></tr>
<tr><td>૫</td><td>પી.એચ.ડી શિષ્યવૃતિ યોજના</td><td colspan="2">૨૫,૦૦૦</td><td colspan="2">૧,૦૦,૦૦૦</td></tr>
<tr><td>૬</td><td>રક્તપિત્તથી પિડીત લોકોને મફત તબીબી સહાય.</td><td colspan="2">૪૦૦</td><td colspan="2">૮૦૦</td></tr>
<tr><td>૭</td><td>કુંવરબાઈનું મામેરુ યોજના</td><td colspan="2">૧૦,૦૦૦</td><td colspan="2">૧૨,૦૦૦</td></tr>
</table>

Back To Index

**અગ્રતા ક્રમાંક: ૨૦**

**માન. ધારાસભ્યશ્રી ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)**

**પ્રશ્ન : ગ્રાન્ટ ફાળવણીની પદ્ધતિ શું છે?**

જવાબ: સરકારશ્રીના નિયમોનુસાર મંજૂર થયેલ અનુદાનને ધ્યાને લઇ તબક્કાવાર ત્રિમાસિક એડવાન્સ ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે.

નાણાવિભાગ

↓

આદિજાતિ વિકાસ વિભાગ

↓

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી

↓

કમિશનરશ્રી આદિજાતિ વિકાસની કચેરીના નિયંત્રણ હેઠળના તાબાની જિલ્લા કચેરીઓને તબક્કાવાર ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે.

Back To Index

## અગ્રતા ક્રમાંક: ૨૦

## માન. ધારાસભ્યશ્રી ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)

**પ્રશ્ન :** ગ્રાન્ટની રકમની જરૂરીયાત મુજબ વધ-ઘટ માટે શી કાર્યવાહી કરવામાં આવે છે?

**જવાબ:** ગ્રાન્ટની રકમની જરૂરીયાત મુજબ ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે અને વધ-ઘટ માટે નાણાકીય વર્ષમાં સુધારેલ આઠ માસીક અંદાજો તથા નાણાકીય વર્ષના અંતે પુનર્વિનિયોગથી વધુ જરૂરીયાત વાળી યોજનાઓ માટે ગ્રાન્ટની માંગણી કરવામાં આવે છે. ઓછી જરૂરીયાત વાળી યોજનાઓમાં ગ્રાન્ટ સરકારશ્રીમાં પરત કરવામાં આવે છે.

Back To Index

**અગ્રતા ક્રમાંક: ૨૦**

**માન. ધારાસભ્યશ્રી ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)**

**પ્રશ્ન :** ફાળવેલ ગ્રાન્ટનાં ધોરણો શું ?

જવાબ: જે-તે યોજનાના ધારા ધોરણ મુજબ.

Back To Index

## અગ્રતા ક્રમાંક: ૨૦

## માન. ધારાસભ્યશ્રી ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)

**પ્રશ્ન :** કેટલી કચેરીઓમાં ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે?

જવાબ: કમિશનરશ્રી આદિજાતિ વિકાસની કચેરીના નિયંત્રણ હેઠળના તાબાની જિલ્લા કચેરીઓ;

1. પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરીઓ-૧૪
2. મદદનીશ કમિશ્નરશ્રીની કચેરીઓ-૧૮
3. આશ્રમશાળા અધિકારીશ્રીની કચેરીઓ -૨
4. આદિજાતિ વિકાસ અધિકારીશ્રીની કચેરીઓ-૨
5. પ્રાયોજના અધિકારીશ્રીની કચેરી -૨

Back To Index

**અગ્રતા ક્રમાંક: ૨૦**

**માન. ધારાસભ્યશ્રી ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)**

**પ્રશ્ન :** છેલ્લા ૫ વર્ષમાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ થયેલ જોગવાઈની વિગત.

જવાબ:

| ક્રમ | નાણાકીય વર્ષ | બજેટ જોગવાઇ (રૂ.લાખમાં) | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૨-૨૩ | ૨૯૦૯૪૯.૭૯ | ૨૬૯૬૮૦.૪૩ |
| ૨ | ૨૦૨૧-૨૨ | ૨૬૫૬૪૦.૧૪ | ૨૩૬૩૬૪.૫૮ |
| ૩ | ૨૦૨૦-૨૧ | ૨૬૭૪૮૧.૬૬ | ૧૮૫૨૮૪.૭૧ |
| ૪ | ૨૦૧૯-૨૦ | ૨૪૮૧૧૦.૩૦ | ૨૩૨૬૦૫.૦૦ |
| ૫ | ૨૦૧૮-૧૯ | ૨૨૦૦૦૦.૦૦ | ૨૧૬૩૭૨.૮૫ |

Back To Index

**અગ્રતા ક્રમાંક: ૨૦**

**માન. ધારાસભ્યશ્રી ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)**

**પ્રશ્ન :** આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષમાં કઈ કઈ નવી યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે?

જવાબ: પાવર ટીલર સહાય યોજના, સોલાર પંપ યોજના, તથા બિરસા મુંડા જ્ઞાનશક્તિ રેસીડેન્શીયલ સ્કુલ ઓફ એકસલનને મંજુરી આપવામાં આવેલ છે.

Back To Index

વનબંધુ કલ્યાણ યોજના-૨ના
આયોજન અને અમલીકરણ
બાબત.

ગુજરાત સરકાર
**આદિજાતિ વિકાસ વિભાગ,**
ઠરાવ ક્રમાંક: VKY-2021-410-P,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૭/૦૬/૨૦૨૨

**વંચાણે લીધા :**

૧. આદિજાતિ વિકાસ વિભાગના તા:૨૩/૦૭/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક:વકય-૧૦૨૦૦૭-૬૦૪-પી.

**પ્રસ્તાવના :**

વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક ૧. ની વિગતો અનુસાર તત્કાલિન માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ મુજબ તા:૨૭-૦૨-૨૦૦૭ના રોજ વિધાનસભા ગૃહમાં આદિજાતિના સર્વાંગી વિકાસ માટે એક નિવેદન કરી પાંચ વર્ષ માટે રૂ.૧૫,૦૦૦/- કરોડનું એક પેકેજ "મુખ્યમંત્રીના ૧૦ મુદ્દાના કાર્યક્રમ (વનબંધુ કલ્યાણ યોજના)" જાહેર કરવામાં આવેલ હતું.

૨. આ પેકેજની રણનીતિમાં આદિવાસી પરિવારોની આવક બમણી કરવી, તમામ આદિમજૂથના કુટુંબોને અનુસૂચિત જનજાતિના મુખ્ય પ્રવાહ સાથે જોડવાં, એવાં આદિવાસી કુટુંબો કે જેની મુખ્ય વ્યક્તિ તરીકે મહિલા હોય તેવાં કુટુંબોને આદિવાસી કલ્યાણ યોજનાઓમાં પ્રાથમિક્તા આપવી, તમામ લાયક આદિવાસી બાળકોને શિક્ષણ સુવિધા પહોંચાડવી, આધુનિક યુગને અનુરૂપ શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ શિક્ષણ પર ભાર, આદિવાસી કુટુંબોને ઘરનું ઘર, આદિવાસી કુટુંબોને આરોગ્યપ્રદ જીવન માટે આવશ્યક સુવિધાઓ ઊભી કરવી, આદિવાસી કુટુંબોને પીવાનું શુદ્ધ પાણી પહોંચે, પાઈપ લાઈનની સગવડતા ઊભી થાય, આદિવાસી કુટુંબોને ખેતી માટે સિંચાઈની તકો ઉપલબ્ધ થાય અને આધુનિક ખેતી દ્વારા ઉપજ કેમ વધે તે માટેની વાડી યોજના જેવી સફળ યોજનાઓનો વિસ્તાર, આદિજાતિ ગામોમાં માળખાકીય સુવિધાઓ જેવી કે રસ્તા, બસ સ્ટેન્ડ, ઉર્જાનું નેટવર્ક ઉભું કરવું, આદિજાતિ વિસ્તારમાં આવેલ નગરોનો વ્યુહાત્મક વિકાસ કરવો, જેથી આસપાસના અનેક ગામો માટે આ નગરો વિકાસ સારથિ બની રહે, શહેરોમાં આજીવિકા માટે સ્થળાંતર કરતા આદિજાતિ પરિવારો માટે કૌશલ્ય વિકાસ અને નાગરિક સુવિધાઓ ઉપલબ્ધ કરવાના આયોજન વગેરે બાબતોનો સમાવેશ થાય છે:

3. સદરહું ૧૦ મુદ્દાના કાર્યક્રમ (વનબંધુ કલ્યાણ યોજના-૧)માં આવરી લેવાયેલ મુદ્દાઓની વિગતો આ મુજબ છે. (૧) પાંચ લાખ કુટુંબો માટે રોજગારલક્ષી કાર્યક્રમ શરૂ કરવો, (૨) શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ અભ્યાસો ઉપર ભાર, (3) આદિજાતિ વિસ્તારોનો આર્થિક વિકાસ વેગવંતો બને, (૪) સૌને



Back To Main Index

માટે આરોગ્ય, (૫) સૌને માટે ઘર, (૬) પીવાનું પાણી, (૭) સિંચાઇ, (૮) બારમાસી રસ્તાઓ, (૯) વીજળીની સાર્વત્રિક ઉપલબ્ધતા અને (૧૦) શહેરી વિકાસ

૪. મુખ્યમંત્રીના ૧૦ મુદ્દાના કાર્યક્રમ (વનબંધુ કલ્યાણ યોજના-૧) વર્ષ ૨૦૦૭-૦૮ થી વર્ષ ૨૦૨૦-૨૧ સુધી અમલિત હતી, જેની ભવ્ય સફળતા બાદ મુખ્યમંત્રીના ૧૦ મુદ્દાના કાર્યક્રમ વનબંધુ કલ્યાણ યોજના-૨નું આયોજન સરકારશ્રીની વિચારણા હેઠળ હતું. જેના ભાગરૂપે તત્કાલિન નાયબ મુખ્યમંત્રીશ્રી એવં નાણામંત્રીશ્રી દ્વારા વિધાનસભા ગૃહમાં બજેટ પ્રવચનમાં આગામી પાંચ વર્ષ માટે એટલે કે (વર્ષ ૨૦૨૧-૨૨ થી વર્ષ ૨૦૨૫-૨૬ સુધી) રૂ.૧ લાખ કરોડના વનબંધુ કલ્યાણ યોજના-૨ના પેકેજની ઘોષણા કરવામાં આવેલ છે. વનબંધુ કલ્યાણ યોજના-૨ (મુખ્યમંત્રીના ૧૦ મુદ્દાના કાર્યક્રમ)માં આવરી લેવાયેલ મુદ્દાઓની વિગતો નીચે મુજબ છે.

- **વન બંધુ કલ્યાણ યોજના-૨**

(૧) દસ લાખ કુટુંબો માટે રોજગારલક્ષી કાર્યક્રમો શરૂ કરવા
(૨) શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ અભ્યાસો ઉપર ભાર
(૩) આદિજાતિ વિસ્તારોનો આર્થિક વિકાસ વેગવંતો બને
(૪) સૌને માટે આરોગ્ય
(૫) સૌને માટે ઘર
(૬) પીવાનું પાણી
(૭) સિંચાઇ
(૮) બારમાસી રસ્તાઓ
(૯) વીજળીની સાર્વત્રિક ઉપલબ્ધતા
(૧૦) શહેરી વિકાસ

૫. વર્ષ ૨૦૨૧-૨૨થી ૨૦૨૫-૨૬ માટે વન બંધુ કલ્યાણ યોજના-૨ અંતર્ગત રૂ.૧ લાખ કરોડના આયોજનની વિચારણા કરવામાં આવેલ છે.

**૫.૧ દસ લાખ કુટુંબો માટે રોજગારલક્ષી કાર્યક્રમો શરૂ કરવા (એનેક્ષર- ૧ મુજબ)**

(૧) કૃષિની ઉત્પાદકતા વધારી તથા પરંપરાગત વન ઉત્પાદન તથા મુલ્ય વર્ધન થકી રોજગારીની વધુ તકો ઉભી કરવી.
(૨) પશુપાલન, ડેરી, કૃષિ અને મત્સ્યઉદ્યોગ ક્ષેત્રે તેમજ FRAની જમીન પર માળખાકીય સુવિધાઓ અને ખેતી આધારિત પ્રવૃતિઓ વધારવી.
(૩) આદિવાસી યુવાનોને ગુણવત્તાવાળી તાલીમ ઉપલબ્ધ કરાવવી.



Back To Main Index Back To GR Page 01

(૪) આધુનિક વૈજ્ઞાનિક અને તકનીકી કુશળતા વધારવા નવતર રોજગારીમાં આદિવાસી યુવાનોને જોડવા.

(૫) એવા આદિવાસી કુટુંબો કે જેની મુખ્ય વ્યકતિ તરીકે મહીલા હોય તેવા કુટુંબોને આદિવાસી કલ્યાણ યોજનાઓમાં પ્રાથમિકતા આપવી.

**૫.૨ શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ શિક્ષણ પર ભાર (એનેક્ષર- ૨ મુજબ)**

(૧) તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, અંગ્રેજી માધ્યમની શાળાઓ ખોલવી.

(૨) પસંદ કરેલા ૧૦૦૦ આદિવાસી વિધાર્થીઓને ઉત્તમ કક્ષાના આવાસી વિદ્યાલયમાં પ્રવેશ મળે અને સર્વશ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે આયોજન કરવું અને આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ટેલેન્ટ પૂલનું નિર્માણ કરવું.

(3) આદિજાતિ તાલુકાઓમાં નવોદય અથવા એકલવ્ય જેવી નિવાસી શાળાઓ ખોલવી અને શહેરોની શ્રેષ્ઠ શાળાઓ જેવી ગુણવત્તાસભર બનાવવી.

(૪) કોલેજના વિદ્યાર્થીઓ માટે વધુ ૧૦૦ છાત્રાલયોની સ્થાપના કરવી.

(૫) દરેક આદિજાતિ જિલ્લામાં મેડીકલ કોલેજ તેમજ નર્સિંગ સ્કૂલ.

(૬) પરંપરાગત આર્ટસ, કોમર્સ અને સાયન્સ જેવી કોલેજોના એકમો અંતરિયાળ તાલુકામાં શરૂ કરવા.

(૭) બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીનો વ્યાપ વધારવો

(૮) દરેક આદિજાતિ જિલ્લામાં ઉચ્ચ શિક્ષણ માટે NEET-JEE, UPSC, GPSCના કોચિંગ ઉપલબ્ધ કરાવવા.

(૯) આદિજાતિ વિસ્તારમાં ગ્રંથાલય અને સ્પોર્ટસ સંકુલની સુવિધાનો વિકાસ.

**૫.૩ આદિવાસી વિસ્તારોનો આર્થિક વિકાસ વેગવંતો બને (એનેક્ષર- ૩ મુજબ)**

(૧) ઉત્પાદિત ચીજોને યોગ્ય બજાર મળે અને પરંપરાગત કૌશલ્યને આર્થિક આધાર મળે તે ધ્યાને રાખી વિસ્તારવાર, પરંપરાગત આર્થિક પ્રવૃતિઓ ઓળખી કાઢી, વન પેદાશો આધારિત ઉધોગોને પ્રોત્સાહન આપી, સંકલિત આર્થિક વિકાસનો અભિગમ અપનાવવો.

(૨) નજીકના વિકસેલા આર્થિક મથકો સાથે અંતરીયાળ વિસ્તારના આદિવાસી લોકો ભાગીદાર બની શકે તે માટે માળખાકીય સુવિધાઓ વિકસાવવી અને ઇકો ટુરિઝમને પ્રોત્સાહન આપી રસ ધરાવનારાઓને તેવી પ્રવૃતિઓ સાથે જોડવા.

(3) આદિવાસી વિસ્તારોમાં પરંપરાગત જે સાધનો છે તેની ગુણવત્તા વધે અને જે ઉપલબ્ધ કાચો માલ છે તેમાં મુલ્ય વૃધ્ધિ થાય જેનો સીધો લાભ આદિવાસી લોકો સુધી પહોંચે તેવી વ્યવસ્થા ઉભી કરવી.

### ૫.૪ સૌને માટે આરોગ્ય (એનેક્ષર- ૪ મુજબ)

(૧) સુરક્ષિત માતૃત્વ અને બાળ સ્વાસ્થ્ય માટે આદિવાસી કુટુંબોને વિવિધ યોજનાના લાભ સુનિશ્ચિત કરવા.

(૨) આદિવાસી કુટુંબોની ગર્ભવતી સ્ત્રીઓ, ધાત્રી માતાઓ અને છ વર્ષ સુધીના, બાળ શિશુઓને કુપોષણથી નિવારવાની યોજનાઓને વધુ ઘનિષ્ટ અને વધુ અસરકારક બનાવાશે.

(3) આદિવાસી કુટુંબો માટે દર વર્ષે આરોગ્યની ચકાસણી અભિયાન.

(૪) બી.પી.એલ. આદિવાસી કુટુંબોને હૃદયની સર્જરી અને અન્ય ગંભીર બીમારી માટે આર્થિક સહાય.

(૫) સિકલસેલ એનીમિયા, લેપ્ટોસ્પાયરોસીસ જેવા રોગો માટે જાગૃતિ અભિયાન અને રોગ પ્રતિકારક તેમ જ ઉપચાર માટે ખાસ પ્રકારની વ્યવસ્થા.

(૬) આરોગ્યની સુવિધાનો વ્યાપ વધારવા આંતર માળખાગત સુવિધાઓ જેવી કે CHC, PHC, સબ સેન્ટર અને હેલ્થ વેલનેસ સેન્ટર બનાવવા તેમજ ખાનગી હોસ્પિટલો બનાવવા માટે પ્રોત્સાહન.

### ૫.૫ સૌના માટે ઘર (એનેક્ષર- ૫ મુજબ)

(૧) તમામ આદિજાતિના કુટુંબો આવાસ મળે તેવુ આયોજન.

### ૫.૬ પીવાનું પાણી (એનેક્ષર- ૬ મુજબ)

(૧) તમામ આદિજાતિના કુટુંબોને સુરક્ષીત અને સ્વચ્છ પીવાના પાણીની સગવડ.

(૨) તમામ કુટુંબોને નલ સે જલ યોજના અતંગર્ત પાઈપલાઈન દ્વારા સુરક્ષિત અને સ્વચ્છ પીવાના પાણીની વ્યવસ્થા સુનિશ્ચિત કરવી.

### ૫.૭ સિંચાઈ (એનેક્ષર- ૭ મુજબ)

(૧) જૂથ યોજના તથા લિફ્ટ ઇરિગેશન યોજના પર વિશેષ ભાર મુકવામાં આવશે.

(૨) ચેકડેમોનું નિર્માણ કરવામાં આવશે.

(3) વોટરશેડ ઉપર આધારિત જળ સંગ્રહસ્થાનો તથા પાજર તળાવ (નાળા પ્લગિંગ)નું નિર્માણ.

(૪) ગરીબ કુટુંબોને વ્યક્તિલક્ષી સિંચાઇની સુવિધાઓ / જુથ સિંચાઇની સુવિધા માટે કુવા તથા સોલાર એન્જિનનો લાભ.

(૫) ચકબંધીનો વિકાસ તથા ટપક સિંચાઈ પધ્ધતિ માટે ધિરાણ અને ટેકનિકલ સુવિધાઓ મળી રહે તે માટે આયોજન.

### ૫.૮ બારમાસી રસ્તાઓ (એનેક્ષર- ૮ મુજબ)

(૧) આદિવાસી વિસ્તારોમાં બનતા રસ્તાઓની ગુણવત્તામાં સુધારો કરવામાં આવશે.

(૨) હાલના રસ્તાઓની મરામત માટે ખાસ આયોજન.



Back To Main Index

Back To GR Page 01

(૩) તમામ ફળિયાઓનું રસ્તાથી જોડાણ કરવામાં આવશે.

(૪) સરહદી ગામડા ધરાવતા વિસ્તારોમાં અને આંતર જિલ્લા રસ્તાઓ બનાવવા તથા અતિવૃષ્ટિ અને ભારે વરસાદને કારણે વિખૂટા થતા રસ્તા પર કોઝવેના સ્થાને નાના પુલોનું નિર્માણ કરવુ.

(૫) ગામથી શાળાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને પાકા રસ્તાથી જોડાણ કરવામા આવશે.

**૫.૯ વિજળીકરણ (એનેક્ષર- ૯ મુજબ)**

(૧) ગરીબી રેખાથી નીચે જીવતા તમામ આદિવાસી કુટુંબોના ઘરોનું વિનામૂલ્ય વિજળીકરણ.

(૨) બાકી રહેતા તમામ પેટા પરાઓ તથા ગામતળ વિસ્તારોનું વિજળીકરણ.

(૩) અંતરિયાળ અને છૂટાછવાયા વિસ્તારોમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે સૂર્ય ઉર્જાનું આયોજન.

(૪) વિજળીની ગુણવત્તા સુધારવી અને વ્યાપ વધારવો.

**૫.૧૦ શહેરી વિકાસ (એનેક્ષર- ૧૦ મુજબ)**

(૧) આદિવાસી વસ્તી ધરાવતા શહેરોનો આર્થિક અને સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે વિકાસ.

(૨) આદિજાતિ મજુરો માટે ઔદ્યોગિક હોસ્ટેલની સુવિધા ઉભી કરવી.

(૩) શહેરી કેન્દ્રોની માળખાગત સુવિધા જેવી કે આવાસ, પાણી, ગટર ઈત્યાદિનો વિકાસ.

૬. આદિજાતિ લોકોના વિકાસ માટેની આ પ્રકાર ની નવી રણનીતિ હોવાથી હાલની યોજનાઓમાં, યોજનાઓના અમલીકરણની પ્રક્રિયામાં, અને અમુક કિસ્સાઓમાં વહીવટી માળખાઓમાં જુદા જુદા પ્રકારના ફેરફાર અને સુધારા કરવાની જરૂર રહેશે. વનબંધુ કલ્યાણ યોજના-૨ માટે રાજ્ય સરકાર પાંચ વર્ષ (૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬) માટે પૂરતી નાણાંકીય જોગવાઇ કરવા માટે કટીબધ્ધ છે. આ યોજનાનું અમલીકરણ મીશન મોડમાં અને મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમ તરીકે પ્રાથમિકતા આપીને કરવામાં આવશે. આ ઉપરાંત બહારથી નિષ્ણાત અને વ્યવસાયીક ક્ષમતા ધરાવતી સંસ્થાઓને સાંકળવામાં આવશે અને આ કાર્યક્રમ હેઠળ થતી કામગીરીનું નિષ્પક્ષ અને સ્વતંત્ર મોનીટરીંગ કરવામાં આવશે. યોજનાનું અમલીકરણ અસરકારક રીતે થાય તે માટે આદિજાતિ વિકાસ વિભાગના જિલ્લા સ્તરના પ્રાયોજના વહીવટદાર કચેરીના માળખાનું સશકિતકરણ કરવામાં આવશે અને લોકોની સંપૂર્ણ ભાગીદારી થાય તે માટે દરેક ગામનો વિલેજ ડેવલપમેન્ટ એકશન પ્લાન તૈયાર કરવામાં આવશે.

આ યોજનાનું અમલીકરણ વર્ષ ૨૦૨૧-૨૨ થી શરૂ કરવામાં આવ્યું છે અને સંબંધિત વિભાગો તરફથી તેમના એકશન પ્લાન બનાવી યોજના ઉપર કામગીરી શરૂ કરવામાં આવી છે. આદિજાતિ વિકાસ વિભાગ તરફથી પણ આ માટે સમયાંતરે સૂચનાઓ બહાર પાડવામાં આવી છે. અનુભવે જણાય છે કે આ યોજનાનું તાલુકા અને જિલ્લા સ્તરે ઘનિષ્ઠ અમલીકરણ થાય અને તેની સમયાંતરે સમીક્ષા કરવામાં આવે તે માટે સૂચનાઓ આપવાનું જરૂરી છે.

મુખ્યમંત્રીના ૧૦ મુદ્દાના કાર્યક્રમ વનબંધુ કલ્યાણ યોજના-૨ના અમલીકરણ માટે કઈ કામગીરી કોને સોંપવી તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

-: ઠ રા વ :-

૧. પુખ્ત વિચારણાને અંતે ઉપરોકત કામગીરીના અમલીકરણ અંગે સરકારશ્રીએ નીચે દર્શાવેલ કાર્ય પદ્ધતિ પ્રમાણે વનબંધુ કલ્યાણ યોજના-૨ કાર્યક્રમ પાંચ વર્ષ માટે એટલે કે (વર્ષ ૨૦૨૧-૨૨ થી વર્ષ ૨૦૨૫-૨૬ સુધી) રૂ.૧ લાખ કરોડના પેકેજ સાથે અમલવારી કરવાનું ઠરાવેલ છે.

વનબંધુ કલ્યાણ યોજના-૨ (મુખ્યમંત્રીના ૧૦ મુદ્દાના કાર્યક્રમ)માં આવરી લેવાયેલ મુદ્દાઓની વિગતો નીચે મુજબ છે.

- **વન બંધુ કલ્યાણ યોજના-૨**

(૧) દસ લાખ કુટુંબો માટે રોજગારલક્ષી કાર્યક્રમો શરૂ કરવા **(એનેક્ષર- ૧ મુજબ)**
(૨) શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ શિક્ષણ પર ભાર **(એનેક્ષર- ૨ મુજબ)**
(૩) આદિવાસી વિસ્તારોનો આર્થિક વિકાસ વેગવંતો બને **(એનેક્ષર- ૩ મુજબ)**
(૪) સૌને માટે આરોગ્ય **(એનેક્ષર- ૪ મુજબ)**
(૫) સૌના માટે ઘર **(એનેક્ષર- ૫ મુજબ)**
(૬) પીવાનું પાણી **(એનેક્ષર- ૬ મુજબ)**
(૭) સિંચાઈ **(એનેક્ષર- ૭ મુજબ)**
(૮) બારમાસી રસ્તાઓ **(એનેક્ષર- ૮ મુજબ)**
(૯) વિજળીકરણ **(એનેક્ષર- ૯ મુજબ)**
(૧૦) શહેરી વિકાસ **(એનેક્ષર- ૧૦ મુજબ)**

આ યોજનાની કામગીરી માટે સંબંધિત વિભાગોની અને જિલ્લા સ્તરની નીચે મુજબની ભૂમિકા રહેશે.

૨. **સંબંધિત વિભાગોની ભૂમિકા :**

ઉપરોકત ૧૦ મુદ્દાઓ પૈકી જે તે મુદ્દાને લગતી કામગીરી સંબંધિત વિભાગ સંભાળશે. સંબંધિત વિભાગ તેઓની યોજનાને લગતી કામગીરીને પહોંચી વળવા માટે તેઓની આંતરિક સમિતિ બનાવશે. સંબંધિત વિભાગના વડા સમયાંતરે વનબંધુ કલ્યાણ યોજનાની કામગીરીની સમીક્ષા કરશે અને કરેલ કામગીરીથી આદિજાતિ વિકાસ વિભાગને માહિતગાર કરશે.

(૧) વાર્ષિક વિકાસ કાર્યક્રમ તૈયાર કરતી વખતે, તેની ચર્ચા દરમ્યાન આદિજાતિ વિસ્તાર વિકાસ કાર્યક્રમના અમલીકરણ માટે આ કાર્યક્રમમાં આવરી લેવાતા મુદ્દાઓ અને પેટા મુદ્દાઓ માટે પૂરતા પ્રમાણમાં નાણાંકીય જોગવાઇ થાય તે સુનિશ્ચિત કરવા સંબંધિત વિભાગે જરૂરી કાળજી અને ધ્યાન રાખવાનું રહેશે.

(૨) વનબંધુ કલ્યાણ યોજનાની કામગીરીના મુદ્દાને લગતા સંબંધિત વિભાગો પોતાના વિભાગમાં

આ કામગીરીની દેખરેખ અને સુપરવિઝન માટે એક નોડલ અધિકારીની નિમણૂંક કરશે અને તેની જાણ આદિજાતિ વિકાસ વિભાગને કરશે. નોડલ અધિકારીઓને તેમની કામગીરી સુચારૂ રૂપથી થાય તે માટે જરૂરી સત્તાઓ એનાયત કરવાની રહેશે અને આ અધિકારીઓ સમયાંતરે આદિજાતિ વિકાસ વિભાગમાં આ યોજના સંભાળતા અધિકારીઓ સાથે સંપર્કમાં રહે તે જોવાનું રહેશે. સંબંધિત વિભાગના બજેટની કામગીરી સંભાળતા નાયબ સચિવ/સંયુક્ત સચિવ/અધિક સચિવને વનબંધુ કલ્યાણ યોજના-૨ના નોડલ અધિકારી તરીકે નિયુક્ત કરવાના રહેશે.

(૩) વનબંધુ કલ્યાણ યોજનાની કામગીરીને પહોંચી વળવા માટે સંબંધિત વિભાગ આદિજાતિ વિકાસ વિભાગના પરામર્શમાં વર્ષવાર વિગતવાર એકશન પ્લાન તૈયાર કરશે. એકશન પ્લાનની કામગીરીને પહોંચી વળવા માટેની નાણાંકીય દરખાસ્તો ટ્રાયબલ એરિયા સબ પ્લાન (ટી.એ.એસ.પી.)ના ભાગરૂપે એકશન પ્લાન અને બજેટના ભાગરૂપે આદિજાતિ વિકાસ વિભાગની ભલામણ સાથે રજૂ કરશે. રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા અમલમાં મૂકવામાં આવતી આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળની યોજનાઓ જે તે વિસ્તારમાં રહેતા આદિજાતિના લોકોની જરૂરિયાત અને અપેક્ષાઓ સાથે સુસંગત થાય તેની કાળજી રાખવાની રહેશે.

(૪) આદિજાતિ વિકાસ વિભાગ જે મુદ્દા પરત્વે જે કામગીરીની ભલામણ કરે તે કામગીરીની અમલવારી જે તે વિભાગે નિયત સમય મર્યાદામાં હાથ ધરી પૂર્ણ કરવાની રહેશે. વિભાગ જો તેઓને સોંપેલ કામગીરી સમયસર પૂર્ણ ન કરી શકે તો અમલ નહીં કરવાના કારણ સહિતની સ્પષ્ટતા આદિજાતિ વિકાસ વિભાગને કરશે.

(૫) વનબંધુ કલ્યાણ યોજના સંબંધે જે વિભાગને જે કામગીરી સોંપવામાં આવી હોય તે યોજનાની કામગીરીની જાહેરાત તેમજ સમીક્ષાની કામગીરી જે તે વિભાગે તેમજ આદિજાતિ વિકાસ વિભાગે કરવાની રહેશે.

૩. રાજ્યકક્ષાની વનબંધુ કલ્યાણ યોજનાની સમીક્ષા સમિતિનું માળખું અને કાર્યક્ષેત્ર **(એનેક્ષર-૧૧)** મુજબ રહેશે.

૪. રાજ્યકક્ષાની અમલીકરણ સમિતિનું માળખું અને કાર્યક્ષેત્ર **(એનેક્ષર-૧૨)** મુજબ રહેશે.

૫. વનબંધુ કલ્યાણ યોજના-૨ની કામગીરીના અમલીકરણ માટે જિલ્લા કક્ષાએ જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપણા હેઠળ એક સંકલન અને સમિક્ષા સમિતિનું માળખું અને કાર્યક્ષેત્ર **(એનેક્ષર-૧૩)** મુજબ રહેશે.

૬. તાલુકા આદિજાતિ વિકાસ સમિતિનું માળખું અને કાર્યક્ષેત્ર **(એનેક્ષર-૧૪)** મુજબ રહેશે.

૭. **નાણાંકીય ઉપલબ્ધતા અને નાણાંકીય ફાળવણી :**

ઉપરોકત કામગીરીને પહોંચી વળવા માટે સુનિશ્ચિત ધોરણે આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ફંડ ફાળવવામાં આવશે.

આ યોજનાનો અમલ વર્ષ ૨૦૨૧-૨૨ થી વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન કરવાનો થાય છે. આથી આવનાર હવે પછીના વર્ષોમાં આદિજાતિ વિભાગના પરામર્શમાં આયોજનની મર્યાદામાં જરૂરી જોગવાઇ થાય તેવી તકેદારી તમામ સંબંધિત વિભાગોએ રાખવાની રહેશે.

વનબંધુ કલ્યાણ યોજના-૨ના સંબંધિત વિભાગોએ આદિજાતિ વિકાસ વિભાગના પરામર્શમાં રહી આગામી વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૫-૨૦૨૬ સુધી કુલ ૫ વર્ષ માટે આયોજનની મર્યાદામાં જોગવાઇ કરાવી લેવાની રહેશે.

જે હેતુ માટે બજેટમાં જોગવાઈ કરવામાં આવી હોય અને જે હેતુ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તે જ હેતુ માટે તેમજ તેની મર્યાદામાં રહીને જે તે વર્ષમાં ખર્ચ થાય એ દરેક સંબંધિત વિભાગોએ સુનિશ્ચિત કરવાનું રહેશે. ફાળવવામાં આવતી ગ્રાન્ટ તેમજ ફાળવેલ ગ્રાન્ટ સામે થયેલ ખર્ચ અંગેના હિસાબો તેમજ તેની એ.જી. સાથે હિસાબી મેળવણાંની કામગીરી કરવાની રહેશે અને યુટીલાઇઝેશન સર્ટીફીકેટ મોકલવાના રહેશે દરેક યોજના અથવા કામ પારદર્શક અને ચકાસણી પૂર્વક થાય તે માટે સંલગ્ન ઓનલાઇન પોર્ટલ પર મુકવાની જવાબદારી દરેક વિભાગોએ કરવાની રહેશે.

જુદી જુદી યોજના હેઠળ હાંસલ કરવાના ભૌતિક અને નાણાંકીય લક્ષ્યાંક અંદાજીત ગણવાના રહેશે અને સંબંધિત વિભાગો દ્વારા પોતાની અંદાજપત્રીય મર્યાદામાં તે માટેની પર્યાપ્ત જોગવાઇ સુનિશ્ચિત કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૯/૦૪/૨૦૨૨ની તથા સરકારશ્રીની તા.૧૯/૦૪/૨૦૨૨ના નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. એસ. મુરલી ક્રિષ્ણા)
સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.



Back To Main Index

Back To GR Page 01

- સર્વે રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/સર્વે અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, તમામ વિભાગો, સચિવાલય, ગાંધીનગર. (દરેક વિભાગે તેમના હસ્તકના ખાતાના વડાઓને આ ઠરાવની નકલ મોકલવાની રહેશે.)
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (આ.વિ.)ના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક સચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી (આ.વિ.), નિયામકશ્રી આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (D-SAG), બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી (GSTES), બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ(GTDC), બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર (TRTI), બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર.
- વિભાગના સર્વે સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી/ઉપ સચિવશ્રી.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે ખાતાના વડાઓ.
- સર્વે કલેકટરશ્રીઓ અને સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે પ્રાયોજના વહીવટદાશ્રીpઓ.
- મદદનીશ કમિશ્નરશ્રી (આ.વિ.), સંબંધિત જિલ્લાઓ.
- વિભાગની સર્વે શાખાઓ.
- સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.

Back To Main Index



Back To GR Page 01

**એનેક્ષર- ૧**

(૧) <u>દસ લાખ કુટુંબો માટે રોજગારલક્ષી કાર્યક્રમો શરૂ કરવા</u>

(i) કૃષિની ઉત્પાદકતા વધારી તથા પરંપરાગત વન ઉત્પાદન તથા મુલ્ય વર્ધન થકી રોજગારીની વધુ તકો ઉભી કરવી.

➢ કૃષિ ક્ષેત્રમાં રોજગારી વધારવા નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

- ડાંગ જિલ્લાને સંપૂર્ણ પ્રાકૃતિક જિલ્લો બનાવવો તથા તેનો વ્યાપ વધારવામાં આવશે.
- કૃષિ યાંત્રિકરણ અંતર્ગત વિવિધ ફાર્મ મશીનરી ખરીદી માટે સહાય આપવામાં આવશે.
- કૃષિ સંલગ્ન પેદાશોના મુલ્યવર્ધનને પ્રોત્સાહન તથા યુવાનોમાં એગ્રીપ્રેન્યોરશીપ/રોજગારીની તકો માટે મધ્યમ કક્ષાના પ્રોસેસિંગ યુનીટ ઊભા કરવા માટે સહાયનું આયોજન કરવામાં આવશે.
- ગુજરાત એગ્રો (GAIC) તાલુકા દીઠ F.P.O. ની સ્થાપના કરાશે.
- મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના અંતર્ગતના ગોડાઉન બનાવવા માટે સહાયની યોજના અમલમાં મુકેલ છે.

➢ બાગાયત ક્ષેત્રમાં ઉત્પાદકતા વધારી રોજગારીની તકો ઊભી કરવા નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

- ડબલીંગ ઓફ ફાર્મર ઇન્કમના ભાગરૂપે બાગાયતી પેદાશોના મૂલ્યવર્ધનને પ્રોત્સાહન આપવા ૦૩ જિલ્લાઓમાં પ્રાયમરી પ્રોસેસીંગ સેન્ટર ઉભા કરવામાં આવશે, જેનું સંચાલન સ્થાનિક F.P.O. મારફત કરવામાં આવશે.
- કેપેસીટી બિલ્ડીંગ / સ્કીલ ડેવલપમેન્ટ માટે સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના કરવામાં આવશે.
- કમલમ (ડ્રેગનફ્રૂટ)ના વાવેતરના પ્રોત્સાહન માટે આયોજન કરેલ છે.
- કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવા વ્યક્તિગત / સંસ્થાકીય રોકાણકારને સહાય.
- બાગાયત ખાતા દ્વારા કુલ ૨ લાખ લાભાર્થીઓને લાભ આપવાનુ આયોજન છે.
- આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલિત યોજનાઓ જેવી કે, કૃષિ વૈવિધ્યકરણ વાડી યોજના, ટીસ્યૂકલ્ચર, મંડપ, કૃષિ યાંત્રિકરણ, ન્યુ ગુજરાત પેટર્ન વગેરે થકી આશરે ૫,૦૦,૦૦૦ આદિજાતિ ખેડૂતોને લાભ આપવાનુ આયોજન કરેલ છે.

(ii) **પશુપાલન, ડેરી, કૃષિ અને મત્સ્યઉદ્યોગ ક્ષેત્રે તેમજ FRA ની જમીન પર માળખાકીય સુવિધાઓ અને ખેતી આધારિત પ્રવૃતિઓ વધારવી.**

- ૬૪ લાખ પશુધન માટે ગામ બેઠા પશુ ચિકિત્સા સેવાઓ માટે નવા ૧૫૬ ફરતાં પશુ દવાખાના શરૂ કરવા રૂ.૬૩ કરોડનું આયોજન કરેલ છે.

- ૧૨ દુધાળા પશુ ફાર્મની સ્થાપના માટે વ્યાજ સહાય તેમજ માળખાકીય સુવિધા માટે સહાયની યોજનામાં એક સાથે ૧૨ પશુને બદલે ૪ તબક્કામાં ૩ પશુ ખરીદીની બાબતને યોજનામાં સમાવી લેવાનું આયોજન કરેલ છે.
- ૧ લાખ જેટલા પશુધનનું વિતરણ ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ) મારફતે કરવામાં આવશે.
- મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત ગૌશાળા, પાંજરાપોળો અને ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓને ગૌવંશ નિભાવ તેમજ માળખાકીય સગવડોના વિકાસ માટે આયોજન કરવામાં આવેલ છે.
- આદિજાતિ પશુપાલકોના ૧૦૦ લાખથી વધુ પશુઓમાં પશુ રોગ નિવારણ અને નિયંત્રણ હેઠળ રસીકરણ કરવાનું આયોજન કરેલ છે.
- બકરા પાલકોને ૫૦૦૦ બકરા એકમો આપવાનું, ૧૦,૦૦૦ આદિજાતિ મરઘાપાલકોને તાલીમ અને મરઘાં એકમ આપવાનું આયોજન કરવામાં આવેલ છે.
- રૂ.૫૪ કરોડના ખર્ચે રાજ્યમાં કૃત્રિમ બીજદાન કવરેજ વધારવા માટે નવા ૧૮૦૦ કૃત્રિમ બીજદાન કાર્યકરો ઉપલબ્ધ કરાવવા આયોજન કરેલ છે.
- ગાભણ અને વિયાણ થયેલ કુલ ૮૦,૦૦૦ પશુઓ માટે ખાણદાણ અને ઘાસચારાના વધુ કાર્યક્ષમ ઉપયોગ માટે ૧૦૦૦ જેટલા ચાફકટર આપવાનું આયોજન.
- ૪૦,૦૦૦ ઘાસચારા બિયારણ મીની કીટનું વિતરણ કરવામાં આવશે.
- ૮૫ કરોડના ખર્ચે સ્પોન, મત્સ્ય બીજ ઉછેર, ઝીંગા ઉછેર, કેજ કલ્ચર સાધન સહાય અપાશે.
- મોટા જળાશયોમાં ફિશ લેન્ડિંગ સેન્ટર (FLC) વિકસાવવામા આવશે.
- જીવંત / મૃત માછલીના વેચાણ માટે વાહન (Refrigerator vehicle) આપવામાં આવશે.
- FRA લાભાર્થીને લોન આપવામાં આવશે.
- FRA સામુદાયિક જમીન વિકસિત કરવામાં આવશે.
- આદિજાતિ વિસ્તારમાં નર્સરી ઉછેર માટે તાલીમ અને સહાય આપવી તેમજ મધમાખી ઉછેર માટે તાલીમ અને સહાય તથા તેના થકી મધક્રાંતીને વેગ મળે તે મુજબનું આયોજન કરેલ છે.
- આદિજાતી વિસ્તારમાં 8 નવા MSME જી.આઇ.ડી.સી. એસ્ટેટની રચના કરવામાં આવશે.

**(iii) આદિવાસી યુવાનોને ગુણવત્તાવાળી તાલીમ ઉપલબ્ધ કરાવવી.**

- ITI, KVK, VTC થી તાલીમ મેળવેલ તાલીમાર્થીઓને માનવ-ગરિમા યોજના, GTDC લોન, સ્ટાર્ટ અપ ઈન્ડિયા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા, પ્રધાનમંત્રી મુદ્રા યોજના વગેરે યોજનામાં પ્રાધાન્ય આપી રોજગારીની તકો ઊભી કરવા આયોજન કરેલ છે.
- રાજ્યના યુવાનો વધુ કૌશલ્ય મેળવી સુસજ્જતા સાથે તેનો લાભ મેળવી શકે તે હેતુથી કૌશલ્યા-ધી સ્કીલ યુનિવર્સિટીની સ્થાપના કરેલ છે.
- ડ્રોન સ્કીલ ઇન્સ્ટીટયૂટની સ્થાપના.
- VTC ના તમામ કોર્ષને NSQF પ્રમાણિત કરાવી, રાજ્યમાં આદિજાતિ જીલ્લામાં કુલ ૨૧ વોકેશનલ તાલીમ કેન્દ્ર મારફતે કુલ ૭૫,૦૦૦ થી વધુ યુવાનોને તાલીમ સાથે રોજગાર પૂરું પાડવાનું

આયોજન તેમજ તે કેન્દ્રોનું ઔદ્યોગિક એકમ સાથે MOU (PPP મોડલ) કરી ગુણવત્તા યુક્ત તાલીમ પુરી પાડવાનું તેમજ લશ્કરી – પોલીસ ભરતી માટે તાલીમનું પણ આયોજન કરેલ છે.

**(iv) આધુનિક વૈજ્ઞાનિક અને તકનીકી કુશળતા વધારવા નવતર રોજગારીમાં આદિવાસી યુવાનોને જોડવા.**

- MSME માં આશરે ૨૦૦૦ નવા ઉદ્યોગ એકમો શરૂ કરવા આશરે રૂ.૧૦૨ કરોડનું આયોજન કરવામાં આવશે.
- આદિજાતી વિસ્તારમાં ૮ નવા MSME જી.આઇ.ડી.સી. એસ્ટેટની રચના.
- બેરોજગાર મહિલાઓ માટે રૂ.૧૦ લાખ સુધીની લોન સહાય આપવામાં આવશે. (રૂ.૫ લાખની સબસીડી અથવા રૂ.૫ લાખ વ્યાજ સહિત લોન)
- પુરતી આવક અને સ્વરોજગાર વધારવા માટે ૨૭ ટ્રેડના વિનામુલ્યે સાધન/ઓજારના સ્વરૂપમાં ટુલકીટ આપવાનું આયોજન કરવામાં આવશે.
- ખ્યાતનામ સંસ્થાઓ જેવી કે NID, NIFT, EDII મારફત કૌશલ્યવર્ધન તાલીમનું આયોજન કરવામાં આવશે.
- વિવિધ બેન્કેબલ યોજના દ્વારા સ્વરોજગાર પોષક આર્થિક સહાય આપવાનું આયોજન છે.
- રાજ્યમાં/રાજ્ય બહાર મેળા-એક્ઝિબિશનમાં ગ્રાહકોને સીધા વેચાણની તકો પૂરી પાડવાનું આયોજન કરવામાં આવશે.
- ગરવી ગુર્જરીના ૨૫ સેલ્સ આઉટલેટ તથા ઓનલાઇન વેચાણમાટે વેબ સાઇટ તથા ઈ-માર્કેટપ્લેસ સાથે જોડાણનો લાભ આપવામાં આવશે.
- વાંસી-બોરસી (નવસારી) ખાતે કેન્દ્ર સરકારની PM MITRA યોજના હેઠળ રોજગારીના વિપુલ અવસરો ઊભા કરવા અદ્યતન સુવિધા ધરાવતા ટેક્ષટાઈલ પાર્કની સ્થાપના કરવાનું આયોજન કરેલ છે.
- GTDCની વિવિધ યોજનાઓ જેવી કે ટ્રાયબલ કલા કૌશલ્ય કેન્દ્ર, પોલ્ટ્રી ફાર્મ સ્કીમ, ફૂડ વાન, તબેલા સ્કીમ વગેરે અંતર્ગત ૧.૨૫ લાખ આદિજાતિ લાભાર્થીઓને સહાય આપવામાં આવશે.

**(v) એવા આદિવાસી કુટુંબો કે જેની મુખ્ય વ્યકતિ તરીકે મહીલા હોય તેવા કુટુંબોને આદિવાસી કલ્યાણ યોજનાઓમાં પ્રાથમિકતા આપવી.**

- પશુપાલન થકી રોજગારી હેતુ દૂધાળા પશુઓ તેમજ સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ ૫૦,૦૦૦ આદિજાતિ મહિલાઓને દૂધાળા પશુઓ આપવાનું આયોજન કરવામાં આવશે.
- ગુજરાત લાઇવલીહૂડ પ્રમોશન કંપની લી. (GLPC) દ્વારા DDU-GKY અંતર્ગત અનુસુચિત જનજાતિના લાભાર્થીઓને આદિજાતિ જિલ્લાઓમાં વર્ષ ૨૦૨૧ થી વર્ષ ૨૦૨૬ સુધીમાં ૧૮,૦૦૦ તાલીમાર્થીઓને તાલીમ આપવાનું આયોજન આ અંગે અંદાજિત ખર્ચ ૪૫.૦૦ કરોડનું કરવામાં આવશે.
- મહિલા જાગૃતિ શિબિર, કૌશલ્ય વિકાસ તાલીમ ઉદ્યોગ અને સાહસિકતા વિકાસ તાલીમથી ૬ કરોડના ખર્ચ થકી ૬૬૦૦ મહિલાઓને લાભ આપવામાં આવશે.



Back To Main Index

Back To GR Page 01

- વિવિધ ગૃહ ઉદ્યોગો જેવા કે બ્યૂટી પાર્લર, મણકા (Gems & Jewelleries), નાસ્ફ્રી કેન્દ્ર, કેટરીંગ, વન પેદાશો આધારીત ગૃહ ઉદ્યોગ મારફતે રોજગારીની તકોનું નિર્માણ કરવા આયોજન કરવામાં આવશે.

**એનેક્ષર- ૨**

(૨) <u>શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ શિક્ષણ પર ભાર</u>

(i) તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, અંગ્રેજી માધ્યમની શાળાઓ ખોલવી.

(ii) પસંદ કરેલા ૧૦૦૦ આદિવાસી વિધાર્થીઓને ઉત્તમ કક્ષાના આવાસી વિદ્યાલયમાં પ્રવેશ મળે અને સર્વશ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે આયોજન કરવું અને આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ટેલેન્ટ પૂલનું નિર્માણ કરવું.

(iii) **આદિજાતિ તાલુકાઓમાં નવોદય અથવા એકલવ્ય જેવી નિવાસી શાળાઓ ખોલવી અને શહેરોની શ્રેષ્ઠ શાળાઓ જેવી ગુણવત્તાસભર બનાવવી.**

- આશ્રમ શાળા/છાત્રાલયની નિભાવ ગ્રાન્ટમાં માતબર વધારો તેમજ ૨૫૦ કરોડના ખર્ચે આશ્રમ શાળાઓનું નવીનીકરણ કરવામાં આવશે.
- 30 એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ શાળા (EMRS), કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ (GLRS)નું બાંધકામ, ૩૫ નવી આદર્શ નિવાસી શાળાઓનું બાંધકામ કરવામાં આવશે.
- આદિજાતિ તાલુકાઓની શાળાઓમાં આશરે ૨૦૦૦ ઓરડાઓ બનાવવાનું આયોજન કરવામાં આવશે.
- મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ યોજના હેઠળ રાજ્યની જુદી જુદી શાળાઓની માળખાકીય સગવડો તેમજ શિક્ષણની પધ્ધતિમાં સુધારાઓ કરવામાં આવશે.
- ૧૪ આદિજાતિ જિલ્લાઓમાં ૨૫ બિરસા મુંડા જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ્સ ઓફ એકસેલેન્સનું નિર્માણ કરી આદિજાતિના ૫૦,૦૦૦ વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાસભર શિક્ષણનો લાભ આપવામાં આવશે.
- દરેક આદિજાતિ તાલુકામાં EMRS શાળા, તમામ મોડેલ ડે શાળામાં કન્યા છાત્રાલયની સુવિધા ઊભી કરવામાં આવશે.
- દર વર્ષે ૧૬ લાખથી વધુ વિદ્યાર્થીઓને કુલ રૂ.૫૦૦ કરોડથી વધુ શિષ્યવૃત્તિ સહાય ચૂકવામાં આવશે.

(iv) કોલેજના વિદ્યાર્થીઓ માટે વધુ ૧૦૦ છાત્રાલયોની સ્થાપના કરવી.

(v) દરેક આદિજાતિ જિલ્લામાં મેડીકલ કોલેજ તેમજ નર્સિંગ સ્કૂલ.

(vi) પરંપરાગત આર્ટસ, કોમર્સ અને સાયન્સ જેવી કોલેજોના એકમો અંતરિયાળ તાલુકામાં શરૂ કરવા.

(vii) બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીનો વ્યાપ વધારવો.



Back To Main Index

Back To GR Page 01

(viii) દરેક આદિજાતિ જિલ્લામાં ઉચ્ચ શિક્ષણ માટે NEET-JEE, UPSC, GPSCના કોચિંગ ઉપલબ્ધ કરાવવા.

- સમરસ છાત્રાલયોમાં રહેતા વિદ્યાર્થીઓને સમરસ હોસ્ટેલના સંકુલમાં જ વ્યવસાય લક્ષી તાલિમના ક્ષેત્રો માટે કારકિર્દી લક્ષી માર્ગદર્શન, સરકાર દ્વારા લેવાતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી કે GPSC, UPSC, SSB, CAPF, ગૌણસેવા પસંદગી મંડળ (GSSSB) મારફત લેવાતી પરીક્ષાઓની તાલીમ આપવામાં આવશે.
- EMRS, આદર્શ નિવાસી શાળા તેમજ આશ્રમ શાળાના વિદ્યાર્થીઓને એક સંકુલમાં (In EMRS in Summer Vacation) JEE તેમજ NEETની કોચિંગ આપવામાં આવશે.

(ix) આદિજાતિ વિસ્તારમાં ગ્રંથાલય અને સ્પોર્ટસ સંકુલની સુવિધાનો વિકાસ.

- ૩ જિલ્લા કક્ષાના અને ૧૧ તાલુકા કક્ષાના ગ્રંથાલયોની રૂ.૩૮ કરોડના ખર્ચે સ્થાપના કરવામાં આવશે તેમજ ૪ જિલ્લા ગ્રંથાલયો અને ૨૧ તાલુકા ગ્રંથાલયોના રૂ.૬૬ કરોડના ખર્ચે બાંધકામ કરવામાં આવશે.
- ૫ આદિજાતિ જિલ્લાઓમાં સ્પોર્ટસ સંકુલના નિર્માણ માટે રૂ. ૫૦ કરોડનુ આયોજન કરવામાં આવશે.
- આદિજાતિ જિલ્લાઓમાં જિલ્લા દીઠ એક જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કૂલ (DLSS) ની સ્થાપના માટે અંદાજીત રૂ.૧૦૦ કરોડનુ આયોજન કરવામાં આવશે.
- રમત ગમત માટે તમામ ૫૩ આદિજાતિ તાલુકાઓમાં ઇન-સ્કૂલ યોજના હેઠળ સુવિધા પૂરી પાડવામાં આવશે.

એનેક્ષર- ૩

(3) <u>આદિવાસી વિસ્તારોનો આર્થિક વિકાસ વેગવંતો બને</u>

(i) ઉત્પાદિત ચીજોને યોગ્ય બજાર મળે અને પરંપરાગત કૌશલ્યને આર્થિક આધાર મળે તે ધ્યાને રાખી વિસ્તારવાર, પરંપરાગત આર્થિક પ્રવૃતિઓ ઓળખી કાઢી, વન પેદાશો આધારિત ઉધોગોને પ્રોત્સાહન આપી, સંકલિત આર્થિક વિકાસનો અભિગમ અપનાવવો.

- સ્થાનિક / પરંપરાગત ખાસિયતોનું માર્કેટિંગ કરી રોજગારીની તકો ઊભી કરવામાં આવશે.
- સ્થાનિક પરંપરાગત વ્યવસાયોને પ્રોત્સાહન.
- ૨૦ મુખ્યમંત્રી નાહરી કેન્દ્રોની સ્થાપના કરવામાં આવશે.

(ii) નજીકના વિકસેલા આર્થિક મથકો સાથે અંતરીયાળ વિસ્તારના આદિવાસી લોકો ભાગીદાર બની શકે તે માટે માળખાકીય સુવિધાઓ વિકસાવવી અને ઇકો ટુરિઝમને પ્રોત્સાહન આપી રસ ધરાવનારાઓને તેવી પ્રવૃતિઓ સાથે જોડવા.

- મુખ્યમંત્રી ગ્રામ અસ્મિતા યોજનાનો અમલ કરવામાં આવશે.
- ગામોમાં વિના મુલ્યે Wi-Fi ની સુવિધા પુરી પાડવામાં આવશે.

- Aspirational Districts (નર્મદા, દાહોદ) મુજબ અન્ય આદિજાતિ જિલ્લાઓનો વિકાસ કરવામાં આવશે.
- સ્ટેચ્યુ ઓફ યુનિટીથી સાપુતારા રૂટમાં આદિજાતિ વિસ્તારના ધાર્મિક સ્થળોની સર્કિટમાં સુવિધાઓ વિકસાવવામાં આવશે.
- આદિજાતિ વિસ્તારોમાં ડિજિટલ કનેક્ટિવીટી / ઇન્ટરનેટને સુદ્રઢ બનાવવામાં આવશે.
- ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત રાજય પુરસ્કૃત તમામ યોજનાઓ છેવાડાના વ્યક્તિ સુધી ઓનલાઈન ઉપલબ્ધ કરાવવા આયોજન કરેલ છે.
- ૫૦૦ જેટલા ગ્રામ્ય વિસ્તારમાં ડીજીટલ / વોઈસ કનેક્ટીવીટી માટે મોબાઈલ કનેક્ટીવીટીની વ્યવસ્થા ઊભી કરવામાં આવશે.
- ૫૫૦૦ તાલીમાર્થીઓને પ્રવાસન તાલીમનું આયોજન.
- ૧૧૦ પ્રવાસન વર્કશોપ / સેમિનાર કરી રોજગારીની તકો ઊભી કરાશે.
- વન બંધુ વિસ્તારમાં આવેલ પ્રવાસી સ્થળો અને ઇકો ટુરીઝમનો વિકાસ કરવામાં આવશે.
- પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અંતર્ગત ૧૩૧ યાત્રાધામોમાં માળખાગત સુવિધાઓ વિકસાવવામાં આવશે.
- જુદા-જુદા જિલ્લાઓમાં યોજાતા મુખ્ય મેળાઓની સાથે મોટા પાયે આદિજાતિ મેળાઓનું આયોજન કરવામાં આવશે.
- શ્રીરામ જન્મભુમિ શબરી સ્મૃતિ યાત્રાનું આયોજન કરવામાં આવશે.
- ભારતભરના આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓએ તેઓએ સ્વાતંત્ર્ય સંગ્રામમાં આપેલ ફાળા બદલ સન્માન તથા આદિજાતિ સમુદાયોની સંસ્કૃતિ, પરંપરાઓ અને વારસાનું પ્રદર્શન કરતા આદિજાતિના સ્વાતંત્ર્ય સેનાની રાષ્ટ્રીય મ્યુઝિયમની સ્થાપના કરેલ છે.
- આદિજાતિ વિસ્તારના ૯ જિલ્લાઓમાં ૧૦૦ કરોડના ખર્ચે સંગ્રહાલયોની સ્થાપના કરવામાં આવશે.
- ગુજરાત રાજ્યના સર્જન, સાંસ્કૃતિક તથા ઐતિહાસિક વારસા અને વિકાસગાથા પ્રત્યે યુવાપેઢીમાં જાગૃતિ ઉભી કરવા "વંદના મ્યુઝિયમ"ની રૂ.૧૦ કરોડના ખર્ચે કેવડીયા ખાતે સ્થાપના કરવામાં આવશે.
- કેવડિયા ખાતે ૫૬૨ રજવાડાના ભારત સાથે જોડાણ દ્વારા અખંડ ભારતના નિર્માણ પર આધુનિક સંગ્રહાલયનુ રૂ.૨૫ કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવશે.

**(iii) આદિવાસી વિસ્તારોમાં પરંપરાગત જે સાધનો છે તેની ગુણવત્તા વધે અને જે ઉપલબ્ધ કાચો માલ છે તેમાં મુલ્ય વૃધ્ધિ થાય જેનો સીધો લાભ આદિવાસી લોકો સુધી પહોંચે તેવી વ્યવસ્થા ઉભી કરવી.**

- ૨૦ હાટ બજારોની સ્થાપના, આદિજાતિ વિસ્તારોમાં ૧૦૦ વેજીટેબલ કલેકશન કમ ગ્રેડીંગ સેન્ટરની સ્થાપના કરવામાં આવશે.
- આદિજાતિ વિસ્તારમાં આવેલ એ.પી.એમ.સી.ને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે.
- આદિજાતિ વિસ્તારની ખાંડ સહકારી સંસ્થાઓને નાણાંકિય પ્રોત્સાહન આપવામાં આવશે.

- નોન ટિમ્બર ગૌણ વનપેદાશો જેવી કે કાજુ, સફેદ મુસળી, કેસુડા, ચારોળીને પ્રોત્સાહન આપવા SHG/FPO નું ગઠન – માર્કેટિંગની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.
- ૨૧૦ વન ધન કેન્દ્રોની સ્થાપના કરવામાં આવશે.

**એનેક્ષર- ૪**

(૪) <u>સૌને માટે આરોગ્ય</u>

**(i) સુરક્ષિત માતૃત્વ અને બાળ સ્વાસ્થ્ય માટે આદિવાસી કુટુંબોને વિવિધ યોજનાના લાભ સુનિશ્ચિત કરવા.**

- નવા સ્પેશિયલ ન્યુ બોર્ન કેર યુનિટની સ્થાપના કરવા આયોજન કરવામાં આવશે.
- નવા એફ.આર.યુ.ની સ્થાપના કરવામાં આવશે.
- નવા ડીસ્ટ્રીક્ટ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર શરૂ કરવામાં આવશે.

**(ii) આદિવાસી કુટુંબોની ગર્ભવતી સ્ત્રીઓ, ધાત્રી માતાઓ અને છ વર્ષ સુધીના, બાળ શિશુઓને કુપોષણથી નિવારવાની યોજનાઓને વધુ ઘનિષ્ટ અને વધુ અસરકારક બનાવાશે.**

- પોષણ સુધા યોજના અંતર્ગત અંદાજિત ૧.૩૬ લાખ લાભાર્થીઓ માટે રૂ.૧૧૮ કરોડનું આયોજન કરવામાં આવશે.
- પોષણ અને આરોગ્ય સેવાની જન જાગૃતિ માટે પુર્ણા સખી યોજના આદિજાતિ વિસ્તારોમાં અમલીકૃત કરવામાં આવેલ છે.
- ડબલ ફોર્ટીફાઈડ મીઠાના વિતરણ માટે રૂ.૮૫ કરોડનું આયોજન કરવામાં આવશે.

**(iii) આદિવાસી કુટુંબો માટે દર વર્ષે આરોગ્યની ચકાસણી અભિયાન.**

**(iv) બી.પી.એલ. આદિવાસી કુટુંબોને હૃદયની સર્જરી અને અન્ય ગંભીર બીમારી માટે આર્થિક સહાય.**

- ટી.બી., એચ.આઈ.વી, કેન્સર જેવી ગંભીર બિમારી માટે નાણાંકીય સહાય આપવામાં આવશે.
- પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના- મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજનાનો વ્યાપ વધારવામાં આવશે.

**(v) સિકલસેલ એનીમિયા,લેપ્ટોસ્પાયરોસીસ જેવા રોગો માટે જાગૃતિ અભિયાન અને રોગ પ્રતિકારક તેમ જ ઉપચાર માટે ખાસ પ્રકારની વ્યવસ્થા.**

**(vi) આરોગ્યની સુવિધાનો વ્યાપ વધારવા આંતર માળખાગત સુવિધાઓ જેવી કે CHC, PHC, સબ સેન્ટર અને હેલ્થ વેલનેસ સેન્ટર બનાવવા તેમજ ખાનગી હોસ્પિટલો બનાવવા માટે પ્રોત્સાહન.**

- PPP થકી હેલ્થ કેર સર્વિસનો વ્યાપ વધારવા નવી મેડિકલ કોલેજો તેમજ નવી નર્સિંગ સ્કૂલ શરૂ કરવા આયોજન કરવામાં આવશે.
- ૨૪x૭ કાર્યરત હોય તેવી ૨૫૦ PHC તેમજ નવી ૪૦ PHC શરૂ કરવાનું આયોજન કરવામાં આવશે.
- ૧૦૦ બેડની નવી સબ-ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ બનાવવામાં આવશે.

- ૧૦ નવા CHC અને ૮૬ CHC નું અપગ્રેડેશન કરવા આયોજન કરેલ છે.
- ૦૮ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ અને ૧૬ સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલના અપગ્રેડેશન માટે આયોજન કરવામાં આવશે.
- CHC માટે ૧૦૦ એમ્બ્યુલન્સ શરૂ કરવા આયોજન કરવામાં આવશે.
- સરકારી આયુર્વેદિક હોસ્પિટલના નવા મકાનનાં બાંધકામને આગામી સમયમાં પૂર્ણ કરવામાં આવશે.
- આદિજાતિ તાલુકાવાર ૦૧ મોબાઈલ હેલ્થ ચેક અપ વાન / મોટર સાઇકલની શરૂઆત.
- તેમજ ધન્વંતરી આરોગ્ય રથ દ્વારા શ્રમિકોની આરોગ્ય સારવાર માટે નવા ૧૦૦ રથ.
- સુપર સ્પેશિયલિટી હોસ્પિટલ શરૂ કરવા કેપિટલ સબસિડી તેમજ વ્યાજ રાહતની સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.
- આદિજાતિ વિસ્તારોમાં સેવાઓ આપવા માટે ડોક્ટર અને અન્ય મેડીકલ સ્ટાફને નાણાકિય / અન્ય રીતે પ્રોત્સાહન આપવામાં આવશે.
- આદિજાતિ વિસ્તારમાં તમામ આંગણવાડીના મકાનોનું બાંધકામ કરવામાં આવશે.

**એનેક્ષર- ૫**

(૫) <u>સૌના માટે ઘર</u>

**(i) સૌના માટે ઘર**

- તમામ આદિજાતિના કુટુંબો આવાસ મળે તેવુ આયોજન.

**એનેક્ષર- ૬**

(૬) <u>પીવાનું પાણી</u>

(i) પીવાનું પાણી

- તમામ આદિજાતિના કુટુંબોને સુરક્ષીત અને સ્વચ્છ પીવાના પાણીની સગવડ.
- તમામ કુટુંબોને નલ સે જલ યોજના અતંગર્ત પાઈપલાઈન દ્વારા સુરક્ષિત અને સ્વચ્છ પીવાના પાણીની વ્યવસ્થા સુનિશ્ચિત કરવી.

**એનેક્ષર- ૭**

(૭) <u>સિંચાઈ</u>

**(i) જૂથ યોજના તથા લિફ્ટ ઇરિગેશન યોજના પર વિશેષ ભાર મુકવામાં આવશે.**

- મોટી L.I. યોજનાઓના નવા ૫ (અંદાજિત રકમ રૂ.૪૬૦ કરોડ) અને ચાલુ ૦૮ કામો (રૂ.૧૯૯૯ કરોડ) આગામી બે વર્ષમાં પુર્ણ કરવાનું આયોજન કરવામાં આવશે.

- દક્ષિણ ગુજરાતની પાંચ નદીઓ પર ૪૦ વીયર/બેરેજ બનવવાના નવા કામો અને તે આધારિત લિફ્ટ ઇરીગેશન સ્કીમોનું આયોજન (અંદાજિત રકમ રૂ.૫૦૦ કરોડ) કરવામાં આવશે.
- નહેર સુધારણાના ૧૨૦ કામો માટે રૂ.૪૨૫ કરોડનું આયોજન કરવામાં આવશે.
- સહભાગી સિંચાઈ વ્યવસ્થાપન (PIM)ના ૧૫૦ કામો માટે રૂ.૧૨૦ કરોડનું આયોજન કરવામાં આવશે.
- જુથ કુવાના ૨૧૫૦ કામો માટે રૂ.૧૬૩ કરોડનું આયોજન કરવામાં આવશે.
- આદિજાતિ વિસ્તારમાં હયાત L.I. સ્કીમો પુનઃ જીવિત કરવા ૩૪૧ કામો માટે રૂ.૪૨૮ કરોડનું આયોજન કરવામાં આવશે.

**(ii) ચેકડેમોનું નિર્માણ કરવામાં આવશે.**

- હયાત ચેકડેમની ઉંચાઈ વધારવાના તથા મરામતના ૪૯૦૦ કામો માટે રૂ.૪૦૦ કરોડનું આયોજન કરવામાં આવશે.
- નાના મોટા ચેકડેમ, ચેકડેમ કમ કોઝ-વે ના ૧૦૦૦ કામો માટે રૂ.૪૦૮ કરોડનું આયોજન કરવામાં આવશે.

**(iii) વૉટરશેડ ઉપર આધારિત જળ સંગ્રહસ્થાનો તથા પાજર તળાવ (નાળા પ્લગિંગ)નું નિર્માણ.**

- જળસંગ્રહ માટે ૨૦૦ પાજર તળાવના (નાળા પ્લગીંગ) કામોનું આયોજન કરવામાં આવશે.
- ૪૦૦૦ નવા ફાર્મ પોન્ડ બનાવવા માટેનું આયોજન.
- રૂ.૨૮૦ કરોડના ખર્ચે તળાવ ઉંડા કરવા તથા તળાવના પાળા મજબૂતીકરણના ૨૮૩૭ કામો માટે આયોજન.

**(iv) ગરીબ કુટુંબોને વ્યક્તિલક્ષી સિંચાઇની સુવિધાઓ / જુથ સિંચાઇની સુવિધા માટે કુવા તથા સોલાર એન્જિનનો લાભ.**

**(v) ચકબંધીનો વિકાસ તથા ટપક સિંચાઈ પધ્ધતિ માટે ધિરાણ અને ટેકનિકલ સુવિધાઓ મળી રહે તે માટે આયોજન.**

- ડાંગ જિલ્લાની વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિ તથા સ્થાનિક બાબતો ધ્યાને લઇ તે મુજબ સિંચાઇ સુવિધા માટેના કામોનું આયોજન કરવામાં આવેલ છે.

**એનેક્ષર- ૮**

**(૮) <u>બારમાસી રસ્તાઓ</u>**

**(i) આદિવાસી વિસ્તારોમાં બનતા રસ્તાઓની ગુણવત્તામાં સુધારો કરવામાં આવશે.**

**(ii) હાલના રસ્તાઓની મરામત માટે ખાસ આયોજન.**

- રૂ.૨૫૦૦ કરોડના ખર્ચે આદિજાતિ વિસ્તારના કુલ ૬૫૦૦ કી.મી. લંબાઈના રસ્તાઓને રીસરફેસ કરવા માટે આયોજન કરવામાં આવશે.

**(iii) તમામ ફળિયાઓનું રસ્તાથી જોડાણ કરવામાં આવશે.**

- રૂ.૨૦૦૦ કરોડના ખર્ચે ગામથી ગામ તથા ગામથી ફળીયાને જોડતા કુલ ૪૦૦૦ કી.મી. લંબાઈના કાચા રસ્તાને ડામરના પાકા રસ્તા બનાવવા માટે આયોજન કરવામાં આવશે.

**(iv) સરહદી ગામડા ધરાવતા વિસ્તારોમાં અને આંતર જિલ્લા રસ્તાઓ બનાવવા તથા અતિવૃષ્ટિ અને ભારે વરસાદને કારણે વિખૂટા થતા રસ્તા પર કોઝવેના સ્થાને નાના પુલોનું નિર્માણ કરવુ.**

- રૂ.૮૦૦ કરોડના ખર્ચે આદિજાતિ વિસ્તારના ૨૩૦ ડૂબાણમાં જતા કોઝ-વે લો લેવલ પૂલના નિર્માણનું આયોજન કરવામાં આવશે.
- આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલિત જુદી જુદી યોજનાઓ જેવી કે, ન્યુ ગુજરાત પેટર્ન, બોર્ડર વિલેજ, આદિમ જુથ છ પાયાની સુવિધા, હળપતી છ પાયાની સુવિધા વગેરે હેઠળ વાર્ષિક આશરે રૂ.૪૦૦ કરોડના ખર્ચે રસ્તાઓ બનાવી ગામોને મુખ્ય રસ્તા સાથે જોડવાનું આયોજન કરવામાં આવશે.
- આદિજાતિ વિસ્તારના પર્યટન સ્થળોને સ્ટેચ્યુ ઓફ યુનિટી સાથે જોડતા રસ્તાઓનું નિર્માણ કરવાનું આયોજન કરવામાં આવશે.

**(v) ગામથી શાળાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને પાકા રસ્તાથી જોડાણ કરવામા આવશે.**

- ગામથી શાળાને જોડતા ૫૦૫ કિ.મી. કાચા રસ્તાને રૂ.૨૪૬ કરોડના ખર્ચે પાકા રસ્તા બનાવાશે તથા નદી / નાળા ઉપર ૧૬૪ સ્ટ્રકચર માટે કુલ રૂ.૩૦૨ કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવશે.
- ગામથી આરોગ્ય કેન્દ્ર સુધીના ૧૭૩ કિ.મી. કાચા રસ્તા અને ૮૩ સ્ટ્રકચરને રૂ.૨૩૬ કરોડના ખર્ચે પાકા બનાવવામાં આવશે.

**એનેક્ષર- ૯**

(૯) <u>વિજળીકરણ</u>

**(i) ગરીબી રેખાથી નીચે જીવતા તમામ આદિવાસી કુટુંબોના ઘરોનું વિનામૂલ્ય વિજળીકરણ.**

- આદિજાતિ વિસ્તારમાં ઘરવપરાશના વિજ જોડાણ વિનામૂલ્યે આપવા માટે ૪૦,૦૦૦ લાભાર્થીઓને લાભ આપવાનું આયોજન કરવામાં આવશે.

(ii) બાકી રહેતા તમામ પેટા પરાઓ તથા ગામતળ વિસ્તારોનું વિજળીકરણ.

- ગામતળ વગરના વિસ્તારો / ગામડાઓમાં ગામતળના દાખલા વગર પણ સૌને વિજ કનેક્શન આપવામાં આવશે.
- રૂ.૧૧૭૮ કરોડના ખર્ચે પેટા પરા તેમજ ૭૦,૩૦૦ કૂવાના વિજળીકરણ માટે આયોજન કરવામાં આવશે.
- તમામ ગ્રામ પંચાયતોના વોટર વર્કસ માટે વિનામૂલ્યે વીજળી પૂરી પાડવા આયોજન કરેલ છે.

(iii) અંતરિયાળ અને છૂટાછવાયા વિસ્તારોમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે સૂર્ય ઉર્જાનું આયોજન.

* સૂર્ય ઉર્જા આપવા રૂ.૭૧૦ કરોડનું આયોજન કરવામાં આવશે.

**(iv) વિજળીની ગુણવત્તા સુધારવી અને વ્યાપ વધારવો.**

* મીડીયમ વોલ્ટેજ કવર કંડકટર (એમવીસીસી) લગાડવા / બદલવા, ફીડર બાયફરકેશનની કામગીરી, હાઈ વોલ્ટેજ ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમ (એચવીડીએસ)ની કામગીરી, જુના જર્જરીત વિજ વાયરો અને આનુષાંગિક માલસામાન બદલવા, બેર કંડકટરની જગ્યાએ એરીયલ બંચ કેબલ (એબીસી) લગાડવા, ટ્રાન્સમિશન નેટવર્ક અને સબ-સ્ટેશનના સુદ્રઢિકરણની કામગીરી થકી વીજળીની ગુણવત્તા સુધારવામાં આવશે.
* વધુ ગુણવત્તાયુક્ત વીજપુરવઠો પૂરો પાડવાના આશયથી રાજ્યમાં ૫૬ નવા સબ-સ્ટેશનો આદિજાતિ વિસ્તારોમાં સ્થાપવામાં આવશે.

## એનેક્ષર- ૧૦

(૧૦) <u>શહેરી વિકાસ</u>

**(i) આદિવાસી વસ્તી ધરાવતા શહેરોનો આર્થિક અને સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે વિકાસ.**

* સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અમલીકૃત કરવામાં આવેલ છે.
* દાહોદ સ્માર્ટ સીટી પ્રોજેક્ટ માટે આયોજન કરેલ છે.
* Aspirational Districts (નર્મદા, દાહોદ) મુજબ અન્ય આદિજાતિ જિલ્લાઓનો વિકાસ કરવા આયોજન કરવામાં આવશે.

**(ii) આદિજાતિ મજુરો માટે ઔદ્યોગિક હોસ્ટેલની સુવિધા ઉભી કરવી.**

* શહેરી વિસ્તારોમાં મજુરી માટે આવતા સંગઠિત ક્ષેત્રના તમામ ઔદ્યોગિક શ્રમયોગીઓ માટે બનાવવામાં આવનાર ઔદ્યોગિક હોસ્ટેલમાં આદિજાતિના શ્રમિકોનો પણ સમાવેશ કરવામાં આવશે.

(3) શહેરી કેન્દ્રોની માળખાગત સુવિધા જેવી કે આવાસ, પાણી, ગટર ઈત્યાદિનો વિકાસ.

## એનેક્ષર- ૧૧

**રાજયકક્ષાની વનબંધુ કલ્યાણ યોજનાની સમીક્ષા સમિતિ :**

વંચાણે લીધેલ તા: ૨૩/૦૭/૨૦૦૮ના ઠરાવથી આ યોજનાનું અમલીકરણ સમયબધ્ધ અને પરીણામલક્ષી થાય અને તેની સમીક્ષા નિયમિત રીતે સમયસર થાય તે માટે રાજ્યકક્ષાની વનબંધુ કલ્યાણ યોજનાની સમીક્ષા સમિતિની રચના કરવામાં આવેલ છે, <u>જે સમિતિ વનબંધુ કલ્યાણ યોજના-૨ માટે પણ ચાલુ રાખવામાં આવે છે.</u> ઉપરોકત સમિતિ પ્રથમ તબક્કે વર્ષમાં બે વખત મળશે અને ત્યારબાદ વર્ષમાં એક વખત મળશે. સદરહુ સમિતિમાં વનબંધુ કલ્યાણ યોજનાના અમલીકરણ,

જાહેરાત, મૂલ્યાંકન, વગેરેની કામગીરીની સમીક્ષા કરવામાં આવશે અને યોજનાના અમલીકરણ અંગે જે કોઇ અગત્યના નિર્ણયો લેવાના થતા હોય તે નિર્ણયો આ સમિતિ કરશે.

**સદરહું સમીક્ષા સમિતિની રચનાની વિગતો પુન: નીચે મુજબ રજૂ કરવામાં આવે છે.**

| | | |
|---|---|---|
| ૧ | માનનીય મુખ્યમંત્રીશ્રી | અધ્યક્ષ |
| ૨ | માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ | ઉપાધ્યક્ષ |
| ૩ | માન. મંત્રીશ્રી, નાણાં | સભ્ય |
| ૪ | માન. મંત્રીશ્રી આદિજાતિ વિકાસ (રાજ્યકક્ષા/નાયબ) | સભ્ય |
| ૫ | મુખ્ય સચિવશ્રી | સભ્ય |
| ૬ | માન. સાંસદ સભ્યશ્રી (અનુ. જનજાતિના બે સભ્યો દર વર્ષે ક્રમિક રીતે) | સભ્ય |
| ૭ | માન. ધારાસભ્યશ્રી (અનુ. જનજાતિના ત્રણ સભ્યો દર વર્ષે ક્રમિક રીતે) | સભ્ય |
| ૮ | સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ | સભ્ય |
| ૯ | અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં | સભ્ય |
| ૧૦ | સચિવશ્રી (આયોજન), સામાન્ય વહીવટ વિભાગ | સભ્ય |
| ૧૧ | નિયામકશ્રી, આદિજાતિ વિકાસ | સભ્ય |
| ૧૨ | મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત | સભ્ય |
| ૧૩ | રાજ્ય સરકારશ્રી દ્વારા નિયુક્ત આદિજાતિ વિકાસ અને આદિજાતિ સંશોધન સાથે સંકળાયેલ તજજ્ઞો | સભ્ય |
| ૧૪ | સરકારશ્રી દ્વારા નિયુક્ત રાજ્યની આદિજાતિ કલ્યાણની પ્રવૃત્તિમાં સંકળાયેલ બે મહિલા પ્રતિનિધિઓ | સભ્ય |
| ૧૫ | અધિક સચિવ/સંયુક્ત સચિવ/નાયબ સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ | સભ્ય સચિવ |

**આમંત્રિતો:**

આદિજાતિ વિસ્તાર પેટા યોજનાના અમલીકરણ સાથે સંકળાયેલ વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રીઓને જરૂરિયાત પ્રમાણે આમંત્રિત સભ્ય તરીકે બોલાવી શકાશે.

**આ સમિતિનું કાર્યક્ષેત્ર નીચે મુજબ રહેશે.**

(૧) આદિજાતિ વિસ્તાર અને તેની બહાર વસતા આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટે સમાન ધોરણે નાણાનો વાજબી હિસ્સો ફાળવવામાં આવે તે માટે ધોરણો નક્કી કરવા અંગેના સૂચનો કરવાં.

(૨) આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંગેની પંચવર્ષીય યોજના અને વાર્ષિક વિકાસ યોજનામાં જરૂરી વ્યુહ રચના અને અગ્રીમતા અપાવવા રાજ્ય સરકારને સૂચનો કરવા.

(૩) રાજ્યના આદિજાતિ લોકોનો આર્થિક અને સામાજિક વિકાસમાં અડચણરૂપ મુદ્દાઓને શોધી કાઢવા અને તેને દૂર કરવા માટેના ઉપાયો કરવા.

(૪) આદિજાતિ લોકોની જીવન જીવવાની ગુણવત્તા અને જીવન ધોરણમાં સુધારો કરવા માટે રાજ્યના હાલના વહીવટી માળખા અને આદિજાતિ લોકોની અપેક્ષાઓ, તેઓની મૂળભૂત જરૂરિયાતો વચ્ચે સમન્વય સ્થપાય તે માટેના જરૂરી સૂચનો કરવાં.

(૫) રાજયના આદિજાતિ વિસ્તાર પૈકીના વિવિધ વિસ્તારમાં સમતોલ વિકાસનું આયોજન કરવા માટે જરૂરી ઉપાયો સૂચવવાં.

(૬) આદિજાતિ વિસ્તારોમાં રહેતા આદિજાતિના લોકોના આર્થિક ઉત્થાન માટે સ્વરોજગારીની તકો પ્રાપ્ત થઇ શકે તે માટે જરૂરી સૂચનો કરવા.

(૭) રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં રહેતા આદિજાતિ લોકો માટે સામાજિક માળખાકીય સવલતો અને ભૌતિક માળખાકીય સવલતો વધુ સઘન બનાવવા અસરકારક પગલાં લેવા માટે જરૂરી સૂચનો કરવાં.

(૮) રાજયના આદિજાતિ કલ્યાણ કાર્યક્રમોના અમલીકરણ અંગે પ્રગતિની સમીક્ષા કરવી અને રાજ્યની નીતિઓના સમન્વય કરવાના હેતુથી તેમાં જરૂરી સુધારાઓ માટે જરૂરી સૂચનો કરવાં.

(૯) આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અમલમાં મૂકાતી વિવિધ યોજનાઓનું મૂલ્યાંકન કરાવવું, મૂલ્યાંકન થયેલી યોજનાઓની સમીક્ષા હાથ ધરવી અને મૂલ્યાંકન અહેવાલના સંદર્ભમાં આદિજાતિ કલ્યાણની યોજનાઓને વધુ અસરકારક બનાવવા માટે સૂચનો કરવાં.

(૧૦) ગુજરાત રાજયની આદિજાતિઓના વિકાસની કામગીરીની અન્ય રાજયની સરખામણીમાં તુલનાત્મક પરિસ્થિતિનો અભ્યાસ કરીને જરૂરી કાર્યવાહી કરવી.

## એનેક્ષર- ૧૨

**રાજયકક્ષાની અમલીકરણ સમિતિ :**

રાજય સરકાર દ્વારા નિયમિત રીતે યોજાતી સચિવશ્રીઓની મીટીંગમાં આ યોજનાનો ત્રિમાસિક પ્રગતિ અહેવાલ રજૂ કરવાનો રહેશે તેમજ આ યોજનાના અમલીકરણ અંગે જે નિર્ણયો લેવાય તે સચિવશ્રીઓની બેઠકમાં રજૂ કરવાનો રહેશે.

**સમિતિની રચના નીચે મુજબની રહેશે.**

| | | |
|---|---|---|
| ૧ | મુખ્ય સચિવશ્રી | અધ્યક્ષ |
| ૨ | સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ | ઉપાધ્યક્ષ |
| ૩ | નિયામકશ્રી, આદિજાતિ વિકાસ | સભ્ય |
| ૪ | મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત | સભ્ય સચિવ |
| ૫ | જોઇન્ટ સી.ઇ.ઓ.શ્રી, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત | સભ્ય |
| ૬ | ખાસ ફરજ પરના અધિકારી અને હોદ્દાની રૂએ નાયબ સચિવ | સભ્ય |
| ૭ | અધિક મુખ્ય સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ | સભ્ય |
| ૮ | અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ | સભ્ય |



Back To Main Index

Back To GR Page 01

| | | |
|---|---|---|
| ૯ | અગ્ર સચિવશ્રી, સિંચાઇ, કલ્પસર, પાણી પૂરવઠા વિભાગ | સભ્ય |
| ૧૦ | સચિવશ્રી, ગ્રામ વિકાસ | સભ્ય |
| ૧૧ | અગ્ર સચિવશ્રી (આયોજન), સામાન્ય વહિવટ વિભાગ | સભ્ય |
| ૧૨ | અગ્ર સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ | સભ્ય |
| ૧૩ | અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ | સભ્ય |
| ૧૪ | અગ્ર સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ | સભ્ય |
| ૧૫ | અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | સભ્ય |
| ૧૬ | અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિકાસ વિભાગ | સભ્ય |
| ૧૭ | અગ્ર સચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | સભ્ય |
| ૧૮ | સચિવ-વ-કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ | સભ્ય |

રાજયકક્ષાની સમિતિ પ્રથમ તબકકે દર બે મહિને ઓછામાં ઓછી એક વખત મળશે અને ત્યારબાદ દર બીજા માસે સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની અધ્યક્ષતામાં વનબંધુ કલ્યાણ યોજનાની સમીક્ષા કરશે. સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ તરફથી વનબંધુ કલ્યાણ યોજનાના અમલીકરણ સંબંધી જરૂરી સૂચના અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

આ ઉપરાંત નીતિ આયોગની ગાઇડલાઇન્સ તેમજ સૂચનાઓ પણ નજર સમક્ષ રાખીને કઇ કઇ બાબતો અને યોજનાઓ ઉપર ભાર મૂકવો જરૂરી જણાય છે તેની પણ ચર્ચા કરશે. જેથી આગોતરૂં આયોજન વિચારી રાખવાથી આગામી વર્ષો દરમ્યાન યોજનાનું સાતત્ય અને એકસૂત્રતા જળવાઇ રહે.

## એનેક્ષર- ૧૩

**જિલ્લા સ્તરની સંકલન અને સમીક્ષા સમિતિ :**

વનબંધુ કલ્યાણ યોજનાની કામગીરીના અમલીકરણ માટે જિલ્લા કક્ષાએ જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપણા હેઠળ એક સંકલન અને સમીક્ષા સમિતિની રચના કરવામાં આવશે. આ સમિતિમાં જિલ્લા કલેકટરશ્રી નકકી કરે તે અને તેટલા સભ્યો રહેશે. સંબંધિત પ્રાયોજના વહીવટદાર જિલ્લા કક્ષાની સમિતિના સભ્ય સચિવ રહેશે. આ સમિતિ જિલ્લા કક્ષાએ વનબંધુ કલ્યાણ યોજનાની કામગીરી અંગેનો એક્શન પ્લાન સંબંધિત જિલ્લા કક્ષાની કચેરીઓ પાસે તૈયાર કરાવશે અને તેનું સમયાંતરે મોનીટરીંગ કરશે.

**સમિતિની રચના નીચે મુજબની રહેશે.**

| | | |
|---|---|---|
| ૧ | કલેક્ટરશ્રી | અધ્યક્ષ |
| ૨ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | ઉપાધ્યક્ષ |
| 3 | પ્રયોજના વહીવટદારશ્રી | સભ્ય સચિવ |
| ૪ | ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ | સભ્ય |

| | | |
|---|---|---|
| ૫ | નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી | સભ્ય |
| ૬ | નાયબ કલેક્ટરશ્રી | સભ્ય |
| ૭ | જિલ્લા પુરવઠા અધિકારીશ્રી | સભ્ય |
| ૮ | નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સભ્ય |
| ૯ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સભ્ય |
| ૧૦ | કાર્યપાલક ઇજનેરશ્રી, મા. અને મ. વિભાગ | સભ્ય |
| ૧૧ | કાર્યપાલક ઇજનેરશ્રી, (પંચાયત) મા. અને મ. વિભાગ | સભ્ય |
| ૧૨ | કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ વિભાગ | સભ્ય |
| ૧૩ | જિલ્લા કલેક્ટરશ્રી ને જરૂરી જણાય તેવા અન્ય અધિકારી | સભ્ય |
| ૧૪ | મદદનીશ કમિશ્નરશ્રી, (આ.વિ.) (સંબંધિત જિલ્લો) | સભ્ય |
| ૧૫ | તાલુકા મામલતદારશ્રી | સભ્ય |

આમંત્રિતો:

જિલ્લા સ્તરે આદિજાતિ વિસ્તાર પેટા યોજનાના અમલીકરણ સાથે સંકળાયેલ અન્ય વિભાગોના જિલ્લા સ્તરના અધિકારીશ્રીઓ અને જે તે જિલ્લામાં આવેલ અન્ય ક્ષેત્રિય કચેરીઓના અધિકારીશ્રીઓને જરૂરિયાત પ્રમાણે આમંત્રિત સભ્ય તરીકે બોલાવી શકાશે.

જિલ્લા કક્ષાની સમિતિમાં જે તે જિલ્લાની આદિજાતિ વિસ્તાર પેટા યોજનાઓની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવશે.

સમિતિ જિલ્લાઓના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સ્થાનિક આગેવાનો, જિલ્લાના નિષ્ણાત તજજ્ઞો અને જિલ્લાઓમાં આવેલ સ્વૈચ્છિક સંસ્થાઓના આગેવાનો સાથે બેઠકો યોજીને ચર્ચા વિચારણા કરી જે તે વિસ્તારના આદિવાસી લોકોને ખરેખર કયા પ્રકારની વ્યકિતલક્ષી યોજના, ક્ષેત્રિય વિકાસની યોજના, માળખાગત વિકાસની યોજના, પાયાની ન્યૂનતમ સગવડોની જરૂરિયાત છે તે નકકી કરશે અને જે તે કચેરીને જુદી જુદી યોજનાઓમાંથી કઇ યોજનાઓને અગ્રતા આપવી જોઇએ તે નકકી કરશે. આ માટે સમિતિ નિષ્ણાતોને રોકી દરેક સંકલિત આદિજાતિ વિકાસ પરિયોજનામાં આવરી લેવાયેલ તાલુકા માટે પાંચ વર્ષનો રોડ ડેવલપમેન્ટ પ્લાન, પાઇપલાઇનથી પીવાનું પાણી મળે તે માટેનો પ્લાન, તાલુકાની સિંચાઇ વિકાસ પ્લાન તૈયાર કરશે અને જિલ્લા સ્તરે ઉપલબ્ધ વિકેન્દ્રિત આયોજન અને અન્ય ઉપલબ્ધ ફંડમાંથી આ પ્લાનની અમલવારીની સમીક્ષા પણ આ સમિતિ કરશે.

જિલ્લા કક્ષાની સમિતિમાં ટી.એ.એસ.પી. ની યોજના સંબંધિત વિભાગો તરફથી જિલ્લામાં હાથ ધરવામાં આવતા સિવિલ વર્કની કામગીરીની સમીક્ષા કરવામાં આવશે. થર્ડ પાર્ટી મોનીટરીંગની કામગીરી ડી-સેગના પરામર્શમાં કરવાની રહેશે.

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત જિલ્લા સ્તરે કામ કરતા દરેક વિભાગને આદિજાતિના લોકોની આવક વધારા કરવાની યોજનાઓની કામગીરીની સમીક્ષા આ સમિતિમાં કરવામાં આવશે. આ સમીક્ષા દરમ્યાન આવરી લેવાયેલ પરિવારોનો વ્યકિતગત આવકમાં થયેલ વધારાની વિગતવાર સમીક્ષા કરવામાં આવશે. જેથી જિલ્લા સ્તરે વિવિધ વિભાગોની આ પ્રકારની યોજનાઓથી આદિજાતિ કુટુંબોની આવક બમણી થાય.

વનબંધુ કલ્યાણ યોજના સંબંધિત આદિજાતિ પેટા વિસ્તાર યોજનાના ન્યુ ગુજરાત પેટર્ન હેઠળના કામોની સમીક્ષા જિલ્લા કક્ષાની સમિતિમાં કરવામાં આવશે.

આવક બમણી કરવાની યોજના માટે નિષ્ણાતો રોકી તેઓશ્રીના દ્વારા આ યોજનાનું આર્થિક મૂલ્યાંકન અને કામગીરીની સમીક્ષા ડી-સેગના પરામર્શમાં અને તેના નાણાંકીય સ્ત્રોતમાંથી જિલ્લા કક્ષાની સમિતિએ કરવાની રહેશે.

આ સમિતિ જિલ્લા સ્તરે દર માસે મળશે.

**કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની કામગીરી :**

મુખ્યમંત્રીના ૧૦ મુદ્દાના કાર્યક્રમ વનબંધુ કલ્યાણ યોજના-૨ અંગે જિલ્લા કક્ષાએ જે યોજનાઓનું અમલીકરણ થાય તે યોજનાઓમાં દર્શાવેલ હેતુઓ પરિપૂર્ણ થાય તે જોવાનું રહેશે.

આ યોજનાઓ ગુણાત્મક અને આદિવાસીઓના જીવન ધોરણમાં હકારાત્મક પરિવર્તન લાવે તેની ચકાસણી કરશે અને યોગ્ય રીતે તેનો અમલ કરશે અને અમલીકરણમાં પડતી મુશ્કેલીઓ નિવારશે.

**પ્રાયોજના વહીવટદારશ્રીની કામગીરી :**

(૧) મુખ્યમંત્રીના ૧૦ મુદાના કાર્યક્રમ વનબંધુ કલ્યાણ યોજના હેઠળની યોજનાઓની કામગીરીનું સુપરવિઝન (નિરીક્ષણ) મોનીટરીંગ અને ફંડ ઉપલબ્ધતા અંગેની કામગીરી કરશે.

(૨) વનબંધુ કલ્યાણ યોજના અંર્તગત કોઇપણ યોજના માટે થર્ડ પાર્ટી મોનીટરીંગ માટે ભલામણ કરશે.

(૩) આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ જિલ્લામાં ચાલતી દરેક યોજનાની સમીક્ષા કરશે.

(૪) આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ચાલતી બધી જ યોજનાની દરેક કામગીરીની ભૌતિક ચકાસણી માટે વ્યવસ્થા ઉભી કરશે.

(૫) આદિવાસીઓમાં પણ અતિ પછાત એવી પાંચ જાતિઓ કોલઘા, કાથોડી, કોટવાળીયા, પઢાર તથા સીદી જાતિઓને ભારત સરકારે ૧૯૭૮ થી ૧૯૮૨ દરમ્યાન આદિમજૂથ તરીકે જાહેર કરેલ છે. તમામ આદિમજૂથના કુટુંબોને અનુસૂચિત જનજાતિના મુખ્ય પ્રવાહ સાથે જોડવાનો આ યોજનાનો દ્રષ્ટિકોણ છે. જેથી સંબંધિત પ્રાયોજના વહીવટદારશ્રી વનબંધુ કલ્યાણ યોજનાના ૧૦ મુદાઓને ધ્યાનમાં રાખી તેમના વિકાસ માટે વિસ્તારવાર સંકલિત પ્રોજેકટ તૈયાર કરશે. જેથી આ ઠરાવના પ્રથમ ફકરામાં જણાવવામાં આવેલ દ્રષ્ટિકોણને અનુરૂપ આ કુટુંબોને લાભ મળે,

અને આવતા પાંચ વર્ષમાં આ કુટુંબોનો દરેક બાળક શિક્ષિત હોય, દરેક કુટુંબની આવક બમણી થાય અને તે કુટુંબ ગરીબી રેખાથી ઉપર નીકળે, દરેક કુટુંબને પાઇપલાઇનથી પીવાનું પાણી, પાકું મકાન, ઘરમાં વીજળીકરણ અને ઘર સુધીનો પાકો રસ્તો અને જાહેર આરોગ્યની સુવિધા ઉપલબ્ધ થાય.

(૬) આ યોજનાઓ બાબતે માર્ગદર્શન મેળવવા પ્રાયોજના વિસ્તારમાં વહીવટદારની કચેરીનો તથા પ્રાયોજના વિસ્તાર સિવાયના જિલ્લાઓ અમદાવાદ, સુરેન્દ્રનગર, અમરેલી, ભાવનગર વગેરે માટે ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકોએ જે તે જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારી (વિકાસ) અને શહેરી વિસ્તારના લોકોએ નિવાસી નાયબ કલેકટરનો સંપર્ક કરવાનો રહેશે. જૂનાગઢ જિલ્લાના સીદી જાતિના લોકોએ આ માટે માર્ગદર્શન મેળવવા પ્રાયોજના અધિકારી, તલાલા (ગીર)નો સંપર્ક કરવાનો રહેશે.

## એનેક્ષર- ૧૪

**તાલુકા આદિજાતિ વિકાસ સમિતિની રચના બાબત. :**

**આ સમિતિમાં નીચે મુજબના સભ્યો રહેશે.**

| | | |
|---|---|---|
| ૧ | પ્રોયોજના વહીવટદારશ્રી | અધ્યક્ષ |
| ૨ | તાલુકામાંથી ચૂટાયેલા ધારાસભ્યશ્રીઓ | સભ્ય |
| ૩ | તાલુકા પંચાયતના પ્રમુખશ્રી | સભ્ય |
| ૪ | સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષશ્રી | સભ્ય |
| ૫ | તાલુકામાંથી ચૂંટાયેલા અનુ. જનજાતિના જિલ્લા પંચાયતના સભ્યો | સભ્ય |
| ૬ | શૈક્ષણિક / સંશોધન સંસ્થાના બે તજજ્ઞ | સભ્ય |
| ૭ | તાલુકા સ્તરના આ યોજના સાથે સંકળાયેલ સંબંધિત અધિકારીઓ અને તે વિસ્તારમાં કામ કરતા વન વિભાગ અને અન્ય વિભાગોના અધિકારીઓ | સભ્ય |
| ૮ | તાલુકાની બે આદિજાતિ મહિલા આગેવાનો | સભ્ય |
| ૯ | તાલુકા વિકાસ અધિકારીશ્રી | સભ્ય |
| ૧૦ | મામલતદારશ્રી | સભ્ય |
| ૧૧ | ચીટનીશ / મદદનીશ પ્રાયોજના વહીવટદારશ્રી | સભ્ય સચિવ |

**આ સમિતિનું કાર્યક્ષેત્ર નીચે મુજબ રહેશે.**

(૧) અનુસૂચિત વિસ્તારોના આંતર માળખાના ક્ષેત્રો જેવા કે પાણી, વીજળી, રસ્તા, સિંચાઇ, આવાસો વગેરેમાં જરૂરિયાત અને તે સામે આયોજન તથા સેવાઓમાં શિક્ષણ, પ્રાથમિક આરોગ્ય, પશુ સંવર્ધન, જાહેર વિતરણ વ્યવસ્થા, ધિરાણ તેમજ વિકાસના ક્ષેત્રોમાં કૃષિ બજાર, ઉદ્યોગો, કુટિર ઉદ્યોગ, સ્વરોજગારી કૌશલ્યો, વ્યાપાર, રોજગારીની તકોનું નિર્માણ વગેરેની સમીક્ષા.



Back To Main Index

Back To GR Page 01

(૨) આદિજાતિઓ માટે સરકારશ્રીએ જે યોજનાઓ કરી છે તેના ભૌતિક નાણાંકીય લક્ષ્યાંકો સામે વર્ષ દરમ્યાન થયેલ પ્રગતિની સમીક્ષા અને જે તે યોજનાના લક્ષ્યાંકો પૂરા થયા નથી તેના શા કારણો છે? તે બાબતની સમીક્ષા.

(3) આ યોજનાઓના લાભો સંબંધકર્તા લાભાર્થીઓને જ મળે તે માટે શું તકેદારી રાખવામાં આવી છે. તે જોવાનું રહેશે.

(૪) શિડયુલ્ડ એરીયામાં આદિજાતિ વિસ્તારોની સંપૂર્ણ પ્રગતિ થાય અને આ સ્થાનિક વિસ્તારોમાં અનુભવાતી અનિવાર્ય જરૂરિયાત (Felt needs) પ્રત્યે સઘન ધ્યાન અપાય તે જોવાનું રહેશે.

આ યોજનાની ઝડપી અને વ્યવસ્થિત અમલવારી માટે જરૂરિયાત પ્રમાણેની અન્ય કોઇપણ સૂચનાઓ આ સમિતિ આપી શકશે.



Back To Main Index

Back To GR Page 01